જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૧૩-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

રાજ્યસભામાં વિપક્ષના હોબાળાના કારણે બિલ રજૂ ન થઈ શક્યુ,આજે સત્રનો અંતિમ દિવસ

નાગરિકતા ખરડાના વિરોધમાં મણિપુરમાં હિંસા, પાંચ દિવસ ઈન્ટરનેટ સેવા બંધ

ઈમ્ફાલ/ન્યુ દિલ્હી

રાજ્યસભામાં વિપક્ષના હોબાળાને કારણે નાગરિકતા સંશોધન બિલ મંગળવારે પણ રજૂ થઈ શક્યું ન હતું. આ બિલ જાન્યુઆરીમાં લોકસભામાં પસાર થયું હતું. આ ખરડાની મદદથી ૧૯૫૫ના કાયદાને સંશોધિત કરવામાં આવશે. બુધવારે બજેટ સત્રનો અંતિમ દિવસ છે. આ ૧૬મી લોકસભાનું છેલ્લું સત્ર છે.

મણિપુરમાં નાગરિકતા ખરડાના વિરોધમાં હિંસા વધુ ઉગ્ર થઈ ગઈ છે. પાટનગર ઈમ્ફાલમાં અનેક વિસ્તારોમાં કર્ફ્યૂ લગાવવામાં આવ્યું છે. અહીં ઈન્ટરનેટ સેવા પર પણ



રોક લગાવવામાં આવી છે. પ્રદર્શનકારીઓએ વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથ સિંહના પૂતળા પણ ફુંક્યા. તંત્રએ પાંચ દિવસ માટે ઈન્ટનેટ સેવા બંધ કરી દીધી છે.

બિલને પહેલી વખત ૨૦૧૬માં સંસદમાં રજૂ કરાયું હતું. જે બાદ તેને સંયુક્ત સંસદીય સમિતિ પાસે મોકલાયું હતું. સમિતિની કેટલીક ભલામણો પર સુધારા કરીને લોકસભામાં રજૂ કરાયું હતું. કોંગ્રેસ ઈચ્છે છે કે બિલને સિલેક્ટ કમિટીની પાસે મોકલવામાં આવે. સરકાર માગ નહીં માને તો પાર્ટીએ ગૃહમાંથી વોકઆઉટ કરી દીધું. RJD, AIMIM, BJD, MCP, AIUDF, IUML સહિતના પક્ષો ખરડાનો વિરોધ કરે છે.

વૈધ દસ્તાવેજ ન હોય તો પણ ૩ દેશોના બિન મુસ્લિમને તેનો લાભ મળશે. ગૃહ મંત્રી રાજનાથ સિંહે લોકસભામાં કહ્યું હતું કે ખરડો માત્ર આસામ સુધી જ સીમિત નહીં રહે, પરંતુ આ દેશમાં પમ પ્રભાવી રહેશે. પશ્ચિમી સરહદથી ગુજરાત, રાજસ્થાન, દિલ્હી, મધ્યપ્રદેશ અને રાજ્યોમાં આવતાં પીડિત પ્રવાસીઓને તેનાથી રાહત મળશે.

વહેલી સવારે ભીષણ આગ લાગી, ફાયર બ્રિગેડે ૩૫ લોકોને જીવતા બહાર કાઢ્યા

દિલ્હી: હોટલ અર્પિત પેલેસમાં આગ લાગતા ૧૭ લોકો જીવતા ભડથુ

ન્યુ દિલ્હી

રાજધાની દિલ્હીના કરોલબાગ સ્થિત હોટલ અર્પિત પેલેસમાં આજે વહેલી સવારે સાડા ચાર વાગ્યે ભીષણ આગ લાગી હતી, જેમાં સાત પુરુષ, મહિલાઓ અને એક બાળક સહિત કુલ ૧૭ લોકોનાં મોત થયાં છે. હોટલમાં આગ લાગ્યા બાદ જીવ બચાવવા માટે ત્રણ લોકો ચોથા માળેથી કૂદી ગયા હતા, જેમાંથી એકનું મોત થયું છે અને બાકીના બેની હાલત ખૂબ ગંભીર છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મોટાભાગના લોકોનાં મોત ધુમાડામાં ગૂંગળાઈ જવાના કારણે થયાં છે. ફાયરબ્રિગેડની ટીમ દ્વારા ૩૫ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. હજુ સુધી જોકે આગ લાગવાના ચોક્કસ કારણોની જાણ થઈ શકી નથી. ફાયરબ્રિગેડના ડેપ્યુટી ચીફ સુનીલ ચૌધરીના જણાવ્યા અનુસાર, હોટલ અર્પિત પેલેસમાંથી નવ લોકોના મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા છે. હાલ આગ પર કાબૂ મેળવી લેવાયો છે.

નવી દિલ્હીના પોશ એરિયા કરોલબાગમાં આવેલી હોટલ અર્પિત પેલેસ ખૂબ જાણીતી છે. વહેલી સવારે આગ લાગવાની જાણ થતાં જ ફાયરબ્રિગેડની ૩૦ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાનું કામ શરૂ કરી દીધું હતું. ફાયરબ્રિગેડના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, હોટલમાં લાગેલી આગ ખૂબ ભયંકર હતી. આગ લાગી તે સમયે હોટલમાં મોટાભાગના લોકો ગાઢ નિદ્રા માણી રહ્યા હતા અને શ્વાસ ગૂંગળાઈ જવાથી તેમનું ઊંઘમાં જ મોત થયું હતું. હોટલમાં ૬૫ રૂમ છે અને આગ જોતજોતામાં સમગ્ર હોટલમાં પ્રસરી ગઈ હતી. કેરળથી ફરવા આવેલા એક જ પરિવારના સાત સભ્યોને ફાયરબ્રિગેડે બચાવી લીધા હતા. હોટલમા કુલ ૬૫ રૂમો છે અને જ્યારે આગ લાગી ત્યારે હોટલમાં ૧૨૦ લોકો રોકાયા હતા.જેમાં ૩૦ વ્યક્તિઓ હોટલનો સ્ટાફ હતો.

વડાપ્રધાને ઝજ્જરમાં રાષ્ટ્રીય કેન્સર ઈન્સ્ટીટ્યૂટનું ખાતમૂહૂર્ત કર્યુ

ઈમાનદાર લોકોને ચોકીદાર પર ભરોસો, ભ્રષ્ટ છે તેમને પેટમાં ચુંક ઉપડી છે: મોદી

વડાપ્રધાને પંચાયતી રાજ સંસ્થાના પ્રતિનિધીઓ સાથે સીધો સંવાદ કર્યો,લાલ કિલ્લાથી ટૉયલેટની વાત કરવા પર મારી મજાક ઉડાવી,ભ્રષ્ટાચાર મુક્ત ભારતનું અભિયાન વધુ તેજ ગતિએ ચાલશે

કુરુક્ષેત્ર

લોકસભા ચૂંટણી પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશનાં ખુણે ખુણાનો પ્રવાસ કરી રહ્યા છે. ઉત્તર, ઉત્તર-પૂર્વ અને દક્ષિણનાં રાજ્યોની મુલાકાત કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે હરિયાણાનાં



કુરુક્ષેત્રમાં આવી પહોંચ્યા હતાં. કુરૂક્ષેત્રમાં તેમણે અનેક પરિયોજનાં જનાર્પિત કરી હતી. પ્રધાનમંત્રીએ ઝજ્જર જિલ્લાનાં બાદસામાં રાષ્ટ્રીય કેન્સર ઈન્સ્ટીટ્યુટનું ખાતમુહૂર્ત કરીને સ્વચ્છ શક્તિ કોન્ફરન્સને સંબોધિત કરી હતી. સભા સંબોધતા પીએમ મોદીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતાં. તેમણે કહ્યું કે મારી યોજનાઓની મશ્કરી કરવામાં આવી. સોનાની ચમચી સાથે જન્મેલા લોકોનો કટાક્ષ મને ખુંચે છે.

પીએમ મોદી બોલ્યા કે આજે કેન્દ્ર સરકાર આટલા વિકાસ કાર્યો એટલા માટે કરી રહી છે કે,૨૦૧૪માં લોકોએ અમને પુર્ણ બહુમત આપ્યો. ઈમાનદાર લોકોને ચોકીદાર પર ભરોસો છે. પરંતુ જે ભ્રષ્ટ છે તેમને પેટમાં ચુંક ઉપડી છે. વડાપ્રધાને કહ્યું કે કોઈની ધમકી અને ગાળોથી હું ડરવાનો નથી. ભ્રષ્ટાચાર મુક્ત ભારતનું અભિયાન વધુ તેજ ગતિએ ચાલશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે હરિયાણાની ધરતી પરથી અમે જે મોટા લક્ષ્યાંકો રાખ્યા હતા, તે સિદ્ધ કર્યા છે. જેમાં વન રેંક,વન પેન્શનનો વાયદો અમે આ ધરતી પર કર્યો હતો. જે અમે પુરો કર્યો છે. તેમણે કહ્યું કે બેટી બચાવો, બેટી પઢાઓની યોજના અમે અહિથી લોન્ચ કરી હતી. જે એક જનઆંદોલન સ્વરૂપે પુરા દેશમાં ફેલાઈ ગઈ હતી. આયુષ્યમાન યોજનાની પહેલી લાભાર્થી હરિયાણીની દિકરી છે.

સુપ્રિમે પૂર્વ CBI ચીફ નાગેશ્વરને આખો દિવસ કોર્ટમાં પાછળ બેસી રહેવાની સજા ફટકારી

ન્યુ દિલ્હી

મુઝફ્ફરપુર શેલ્ટર હોમ બાબતે સુપ્રીમ કોર્ટના આદેશની અવમાનના મામલે સીબીઆઈના પૂર્વ વચગાળા ડાયરેક્ટર નાગેશ્વર રાવની માફીને નામંજૂર કરતા કોર્ટે તેમને સજા ફટકારી છે. સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરતા તેમને ૧ લાખ રૂપિયાના દંડની સજા ફટકારી છે આ સાથે કોર્ટે તેમને આદેશ આપ્યો છે કે, કોર્ટની કાર્યવાહી ચાલે ત્યાં સુધી તેમને પાછળ બેસી રહેવું પડશે. સુનાવણી દરમિયા એટર્ની જનરલ કેકે વેણુગોપલે જણાવ્યું હતું કે, રાવ પોતની ભૂલ સ્વીકારી રહ્યા છે તેમણે આ જાણી જોઈને કર્યું નથી. આ વાત પર સીજેઆઈએ જણાવ્યું હતું કે, અવમાનનાના આરોપીનો બચાવ સરકારના નાણાંથી કેમ કરવામાં આવી રહ્યો છે. કોર્ટની મંજૂરી વગર ટ્રાન્સફર ઓર્ડર પર હસ્તાક્ષર કરવાએ અવમાનના નથી તો શું છે? હકીકતમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, મુઝફ્ફરપુર શેલ્ટર હોમ મામેલ સીબીઆઈ તપાસમાં સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે, મંજૂરી વગર તપાસ ટીમમાં સામેલ અધિકારીઓની બદલી કરવામાં આવશે નહી. તેમ છતાં નાગેશ્વર રાવે તપાસ ટીમના ચીફ અધિકારી એકે શર્માની ૧૭ જાન્યુઆરીએ સીબીઆઈથી સીઆરપીએફમાં બદલી કરી દીધી હતી. ત્યારબાદ નાગેશ્વર રાવે સુપ્રીમ કોર્ટને માફીનામું આપ્યું હતું. સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીસે કહ્યું હતું કે, નાવેશ્વર રાવે આર કે શર્માને તપાસમાંથી હટાવવાનો નિર્ણય લીધા બાદ સુપ્રીમ કોર્ટને આ મામલે જાણ કરવી પણ જરૂરી ના સમજ્યા. મારે જે કરવું હતું તે કરી દીધું તે પ્રકારનું તેમનું વલણ રહ્યું છે.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (૨જી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

MARKET 4U™

આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી

સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી

ગીફ્ટમાં મેળવો વાહન સિક્યુરિટી સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)

ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફી કરી અઢળક કમાઓ.

ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો

Mo. 7575006847

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

CONNECTINDIANSમાં જોડાવું સરળ છે.

Http://www.connectindians.in આ MARKET4U ની વેલસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છે.
૨. તમને ઈચ્છુક નોકરી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છે.
૪. અન્યને આપની સાથે જોડી આપની

(PLAN - A)
(PLAN - B)

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોક મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

ભુજના માધાપર હાઈવે પરથી હારજીતનો જુગાર રમતા ત્રણ ઈસમોને ભુજ એલસીબીએ પકડી લીધા



ભુજ તાલુકાના માધાપર હાઈવે ઉપર ઈંડીયન ગેસની બાજુમાં આવેલ ધરમ કોમ્પલેક્ષ પાછળ બાવડોની ઝાડીમાંથી ગંજી પના વડે તીન પતીનો રૂપીયાની હાર જીતનો જુગાર પકડી પાડતી પશ્ચિમ કચ્છ એલ.સી.બી.

ભુજ કચ્છ: ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. ઔસુરાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફના માણસો ભુજ તાલુકા વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, માધાપર હાઈવે ઉપર ઈંડીયન ગેસની બાજુમાં આવેલ ધરમ કોમ્પલેક્ષ પાછળ બાવડોની ઝાડીમાં અમુક ઈસમો જાહેરમાં ગંજી પાના વડે રૂપિયાની હાર જીતનો જુગાર રમી રમાડતા હોય જે બાતમી અન્વયે રેડ કરતા (૧) બીજલભાઈ પરસોતમભાઈ વાસ્ફોડા ઉ.વ.૨૮, (૨) પ્રહલાદ નવઘણભાઈ વાસ્ફોડા ઉ.વ.૩૨, (૩) સુખાભાઈ ગોપાલભાઈ વાસ્ફોડા ઉ.વ.૩૮, રહે. બધા માધાપર હાઈવે ઈંડીયન ગેસની બાજુમા આવેલ ધરમ કોમ્પલેક્ષ પાછળ વાળાઓને રોકડા રૂા.૧૦,૫૦૦/- તથા ગંજી પાના કિં.રૂા. ૦૦/- એમ કુલ્લે રૂપિયા ૧૦,૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી તમામ આરોપીઓ વિરૂધ્ધ ભુજ શહેર બી ડી.વી. પો.સ્ટે. ખાતે જુગાર ધારા હેઠળ ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

છેલ્લા સાતેક વર્ષથી નાસતો ફરતો આરોપી પકડી પાડતી વિસનગર ડીવાયએસપી ટીમ



ગુ.ર.જી.નં. ૩૬/૨૦૧૩ ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૭૬ નાં કામે છેલ્લા સાતેક વર્ષથી નાસતો ફરતો તહોદાર રાવળ શૈલેષભાઈ બાબુભાઈ રહે મૂળ રહે દેદાસન તા ખેરાલુ હાલ રહે સુરત અઠવા વાળાને પકડી પાડી સી.આર.પી.સી.કલમ ૪૧(૧)આઈ મુજબ અટક કરી ખેરાલુ પોલીસ સ્ટેશન ખાતે આગળની કાર્યવાહી માટે સોંપવામાં આવેલ છે.

નિલેશ જાજડીયા પોલીસ અધિક્ષક મહેસાણા તથા એમ.બી.વ્યાસ નાયબ પોલીસ અધિક્ષક વિસનગર નાઓની સુચના અને માર્ગદર્શન અનુસંધાને ડીવાયએસપી વિસનગર વિભાગની ટીમે સુરત શહેર ઉમરા વિસ્તાર માથી ખેરાલુ પોલીસ સ્ટેશન ફસ્ટ.

મહેસાણા શહેરમાં બનેલ ખુનનો ગુન્હો અને

બાવલુમાં બનેલ લુંટના ગુન્હાના આરોપીઓની ઘરપકડ કરતી મહેસાણા એલ.સી.બી. પોલીસ

મહેસાણા શહેર બી ડીવીજન પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૧/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૦૨ ૩૯૪, ૩૯૭ તથા જી.પી. એકટ.ક.૧૩૫ મુજબના ખુનના ગંભીર ગુન્હાનો નાસતો આરોપી ઠાકોર વિજયજી ચંદુજી રહે-મીઠીધારીયાલ તા-ચાણસમા જી-પાટણ વાળા બાબતે ખાત્રી તપાસ કરી કરાવતા આરોપી હાલમાં પોતાના ખેતરમાં મીઠીધારીયાલ ખાતે હાજર હોઈ જે આધારે મીઠીધારીયાલ ગામે જઈ આરોપી હસ્તગત કરી સી.આર.પી.સી. ૪૧(૧) આઈ મુજબ કાર્યવાહી કરી મહેસાણા શહેર બી ડીવીજન પો.સ્ટે. ને સોંપવામાં આવેલ છે.

તેમજ બાવલુ પો.સ્ટે. ફ.ગુ.ર.નં-૪/૧૯ ઈ.પી.કો કલમ ૩૯૫, ૩૪૧, ૧૪૩, ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૫૦૪, ૫૦૬(૨) જી.પી. એક્ટ ૧૩૫ મુજબના લુંટના ગુનામાં નાસતા ફરતા આરોપીઓ (૧) સીપાઈ તોફિકભાઈ મહંમદભાઈ (૨) સીપાઈ ઈમ્તિયાજભાઈ નીજામભાઈ (૩) સીપાઈ અસલમભાઈ કાસમભાઈ (૪) સીપાઈ અલીભાઈ અમરતભાઈ રહે-તમામ સીપાઈવાસ નાડોલીયા તા-કડી જી-મહેસાણાવાળાઓ ને નાગલપુર પાટીયા મહેસાણા થી પકડી સી.આર.પી.સી. ૪૧(૧)આઈ મુજબ કાર્યવાહી કરી બાવલુ પો.સ્ટે. સોંપેલ છે.

કેવડિયા ગામમાં જેઠાણીના ત્રાસથી દેરાણીએ ઝેરી દવા પી જતા મોત

દેરાણી વારંવાર ફોન પર વાત કરતી હોય જેઠાણીને લાગ્યુંકે એ મને બબડે છે જેથી મેણાં જેઠાણીએ તેને ઘરની બહાર કાઢી મુકતા લાગી આવ્યું અને આ પગલું ભર્યું હોવાની ફરિયાદ

રાજપીપળા : કેવડિયા ગામમાં રહેતી અસ્મિતાબેન સતિષભાઈ વસાવા એ આપેલી ફરિયાદ મુજબ તે પોતે તેના મોબાઈલ ફોન ઉપરથી અવારનવાર તેની મા તથા સગાઓ સાથે વાત કરતી હોઈ ત્યારે તેની જેઠાણી ભાનુબેનને એમ લાગ્યું કે આ મનેજ બબડયા કરેછેતેવુસમજી અવારનવાર મેણાટોણા મારી ત્રાસ આપતી હતી જેથી તા.૩૧ જાન્યુઆરીના રોજ જેઠાણી ભાનુબેન નગીનભાઈ વસાવાએ અસ્મિતા સાથે બોલાચાલી કરી ઘર બહાર કાઢી મૂકી હતી ત્યારબાદ અસ્મિતા ઘરે એકલી હોઇ તેને લાગી આવતા ઘરમા મુકેલ કપાસમા છાટવાની દવા ત્રાસના કારણે પી જતા તેને તાત્કાલિક સારવાર માટે દાખલ કરાયા બાદ અસ્મિતાનું તા.૧૧ ફેબ્રુઆરીના રોજ સારવાર દરમિયાન મોત થતા તેની ફરિયાદના આધારે કેવડિયા પોલીસે ભાનુ વસાવા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.તપાસ પીએસઆઇ એ આર ડામોર કરી રહ્યા છે.



ગાંધીધામ સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં સવારે હાફ મેરેથોન દોડ તેમજ ભાઈ પ્રતાપજી ની સમાધી ઉપર પૂજા કરવામાં આવી અને શહેરની શાળા સાંસ્કૃતિક પ્રોગ્રામ રજૂ કરેલા જેમાં શહેરની બધી શાળાઓએ ભાગ લીધેલ અને લગભગ ૨૫ જેટલી કૃતિઓ રજુ કરેલ સવારમાં ભાઈ પ્રતાપજી ની સમાધિ ઉપર પૂજા કરાવવામાં આવેલ જેમાં ગાંધીધામ નગરપાલિકાના પ્રમુખશ્રી ભર્યા સાહેબ તેમજ ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરી તેમજ ભલાભાઈ તેમજ શહેરના આગેવાનો અને શહેરીજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સ્કૂલના વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા સ્થાપના દિવસની શરૂઆત મેરેથોન દોડ થી કરવામાં આવી હતી અને ત્યાર બાદ પૂજા અર્ચના કરવામાં આવી હતી આચાર્ય પદે ગાંધીધામના શ્રી શાસ્ત્રી શ્રી અલ્પેશ મહારાજ હાજર રહ્યા હતા ભાગ લીધેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા.

નર્મદા જીલ્લામાં કરોડોની કિંમતની સરદાર પ્રતિમા છે પરંતુ ગરીબ પ્રજા માટે અદ્યતન આરોગ્ય સેવાઓ નથી

સરકારી દવાખાનામાં મોટાભાગના કેસ વડોદરા રીફર કરવામાં આવે છે, સ્ટાફ નર્સ તમજ વર્ગ-૩-૪ની ૯૭ જેટલી મંજુર જગ્યા પૈકી ૪૦ જગ્યાઓ ખાલી છે, આઈ.સી.યુ.ની સુવિધા પણ માત્ર નામની જ છે



રાજપીપળા : નર્મદા જિલ્લામાં કરોડોના ખર્ચે તૈયાર થયેલ વિશ્વ ઉંચી સરદાર પટેલની પ્રતિમા છે પરંતુ ગરીબ આદિવાસી પ્રજાને સરળતાથી મળી રહે તેવી અદ્યતન આરોગ્ય સેવાઓ નથી.

પ્રાપ્ત માહિતી મુજબ ૧૯૯૭માં નર્મદા જિલ્લાની સ્થાપના બાદ ગરીબ આદિવાસી પ્રજા માટે જિલ્લામાં આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે કોઈ મહત્વની કામગીરી સરકારે કરી નથી.પછાત એવા આ જિલ્લામાં વડામથક રાજપપીપળા શહેરમાં આવેલ સિવિલ હોસ્પિટલ પણ બીમાર હોય તેમ સારવાર માંગી લે તેમ છે. જિલ્લાના પડોશી રાજય મહારાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ દર્દીઓ જ્યાં સારવાર લેવા આવે છે તેવી આ સરકારી હોસ્પિટલનું રજવાડા સમયનું મકાન અસુવિધાઓથી ભરપુર છે. ૧૧ જેટલા નિષ્ણાત તબીબોની જગ્યા વર્ષોથી ખાલી છે. ખુદ સિવિલ સર્જન અને આર.એમ.ઓ.ની જગ્યા ઇનચાર્જથી ચાલે છે. ગરીબ દર્દીઓ માટે આશીર્વાદરૂપ આ હોસ્પિટલમાં જનરલ સર્જન, ઇ.એન.ટી. સર્જન, ગાયનેક, બાળ રોગ નિષ્ણાત જેવા તબીબોની જગ્યા ખાલી. કેટલાક કિસ્સામાં સ્થાનિક તબીબોની જે તે યોજના હેઠળ સેવાઓ લેવાાં આવે છે. સરકારી હોસ્પિટલમાં સીટી સ્કેન એમ.આર.આઈ.ની કોઈ

રાજપીપળાની સિવિલ હોસ્પિટલ પણ બીમાર હોય તેમ સારવાર માંગી લે તેમ છે

સુધિા નથી. સ્ટાફ નર્સ તમજ વર્ગ-૩-૪ની ૯૭ જેટલી મંજુર જગ્યા પૈકી ૪૦ જગ્યાઓ ખાલી છે. આઈ.સી.યુ.ની સુધિા પણ માત્ર નામની જ છે. અતિ ગંભીર બાબત એ છે કે ગરીબ દર્દીને મેજર ઓપરેશન કે ગંભીર રોગનીારવાર માટે વડોદરા રીફર કરવામાં આવે છે ત્યારે આર્થિક મુશ્કેલીને કારણે ઘણાં દર્દીઓ રીફર થવા ઈન્કાર કરે છે અને મોતને પણ ભેટે છે. તો શું સરકાર આને વિકાસ કહે છે...?!

નર્મદા જિલ્લાને કેન્દ્ર સરકારે દેશના ૧૦૦ જિલ્લા પૈકી એસ્પાયરેશન ડીસ્ટ્રીક્ટ જાહેર કરેલ છે ત્યારે સરકારી હોસ્પિટલમાં અધતન આરોગ્ય સેવાઓ તમામ હોવી જરૂરી છે. નીતી આયોગના કાર્યક્રમ બહાને કે સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા છાશવારે કેન્દ્ર અને રાજય સરકારના સચિવો પ્રધાનો નર્મદા જિલ્લાની મુલાકાતે આવે છે પરંતુ જિલ્લાની પાયાની જરૂરિયાત આરોગ્ય, શિક્ષણ, કુપોષણ પ્રત્યે કોઈ ધ્યાન અપાતુ નથી. લએ તમામ જાણે ફરવાજ આવે છે જો પ્રવાસનના નામે સરકાર ત્રણ હજાર કરોડના મોટા સ્ટેચ્યુ બનાવી શકતી હોય તો પછી સરકાર આરોગ્ય અને શિક્ષણ સેવાઓને પણ મજબૂત બનાવે એવી માંગ ઉઠી છે.

૩૦૦ બેડની નવી હોસ્પિટલ ક્યારે ખુલ્લી મુકાશે..?

છેલ્લા લગભગ બે વર્ષથી જીતનગર ખાતે કોન્ટ્રાક્ટરોની લડાઈ વચ્ચે ખોરંભે પડેલી ૩૦૦ બેડની નવી બની રહેલી સિવિલ હોસ્પિટલનું કામ ક્યારે શરુ અને પૂરું થશે અને એ બન્યા બાદ પણ ત્યાં જરૂરી તમામ ડોકટરો અને અન્ય સ્ટાફ મુકાશે કે કેમ એ પણ એક મૂંઝવતો પ્રશ્ન છે.

નિવૃત્ત પીઆઈના સંબંધીના ઘરમાં રૂા. ૧.૭૪ લાખની ચોરી

સુરત

નિવૃત્ત પીઆઈ એલ.ડી. સોસાના સંબંધી વિનોદ રાંદેર સ્થિત ઉગત-ભેંસાણ રોડ પર ગ્લોબલ રેસિડેન્સીના ૧૩ નંબરના મકાનમાં રહે છે. વિનોદભાઈ ગઈ તારીખ ૮મીનારોજ બીમાર સંબંધીના ખબર અંતર પૂછવા મુંબઈ ગયા હતા. દરમિયાન બંધ ઘરમાં તસ્કરો ત્રાટકયા હતા. મકાનના સંડાસ- બાથરૂમની વેન્ટીલેટરની લોખંડની જાળી તોડી પ્રવેશેલા તસ્કરો બેડરૂમમાં લાકડાના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂા. ૧,૭૪,૦૦૦ની મતા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરીના બનાવ અંગે નિવૃત્ત પીઆઈ સોસાના પુત્ર ભરતભાઈએ રાંદેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી વધુ તપાસ હાથ ધરી હતી.

રાણપુરમાં ચાલુ લાઈટનો થાંભલો ત્રણ દિવસથી પડી ગયો હોવા છતા તંત્ર અજાણ



આ લાઈટનો થાંભલો કોઈનો જીવ લે તો જવાબદારી કોની?

બોટાદ જીલ્લાના રાણપુર શહેરમાં ધારપીપળા રોડ ઉપર તાલુકા પંચાયત સામે ત્રણ દિવસ પહેલા સાંજ ના સમયે એસ.ટી.બસ ની ટક્કરથી ચાલુ લાઈનનો લાઈટ નો થાંભલો પડી ગયો છે આ થાંભલો પડી ગયા ને ત્રણ દિવસ થયા હોવા છતા તંત્ર દ્વારા કોઈ જ પગલા લેવામાં આવ્યા નથી આ અંગે મળતી માહીતી મુજબ રાણપુર તાલુકા પંચાયત સામે લાઈટ નો થાંભલો ત્રણ દિવસ થી પડી ગયો છે અને તંત્ર ને જાણ પણ કરી છે છતા આજ દીન સુધી તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી.

રમતગમત મંત્રી ઈશ્વરસિંહ પટેલના અધ્યક્ષસ્થાને ૨જી ડાયનેમિક વોરિયર ઈન્ટરક્લબ ટેઈકવાન્ડો ચેમ્પિયનશીપ અને વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ યોજાયો





રમતગમત અને સહકાર રાજ્યમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલના અધ્યક્ષસ્થાને સુરતના ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ૨જી ડાયનેમિક વોરિયર ઈન્ટરક્લબ ટેઈકવાન્ડો ચેમ્પિયનશીપ અને વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. મંત્રીશ્રીના હસ્તે ટેઈકવાન્ડો ચેમ્પિયનશીપમાં ભાગ લેનાર સ્પર્ધકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

આસ્થા બચાવી રહી છે લોકોનું અમૂલ્ય જીવન

ડિપ્રેશનનો ભોગ બનેલા લોકોને સધિયારો આપવાનું કાર્ય કરી રહી છે જીવન આસ્થા હેલ્પલાઈન

હેલ્પલાઈનની મદદથી ૩૧૧થી વધુ મહામૂલી જીંદગીઓ મોતના મૂખમાં જતી બચાવાય છે

સુરત

હતાશ, નિરાશ અનેસતત માનસિકતાણમાં રહેતા, ઘરેલુ હિંસાનો ભોગ બનનાર મહિલાઓ, આર્થિક સંક્રમણ અનુભવતા વ્યકિતઓ કે કુરિવાજોનો ભોગ બનનાર નિરાશ વ્યકિતઓ કે જેઓને માનસિક સારવારની જરૂર હોય તેવા ડીપ્રેશ વ્યકિતઓ કે આત્મહત્યાનુંઆત્યતિક પગલુ ભરવા જનારાઓ માટે આર્શિવાદરૂપ કાર્ય કરતી જીવન આસ્થા હેલ્પલાઈન સુરત જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી સુરત ગ્રામ્ય અને વાંદરેવાલા ફાઉન્ડેશન મુંબઈના સહયોગથી ચાલી રહી છે.

જીવન આસ્થા હેલ્પલાઈન વિશે પત્રકાર પરિષદમાં માહિતી આપતા જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી એ.એમ. મુનિયાએ જણાવ્યું હતું કે, હતાશ અને નિરાશ થયેલા લોકોને ૨૪ કલાક અને ૩૬૫ દિવસોમાં પરામર્શક, મનોવૈજ્ઞાનિક, મનોચિકિત્સક તેમજ પોલીસની મદદ મળી શકે તે માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જીવન આસ્થા હેલ્પલાઈન નંબર ૧૮૬૦ ૨૬૬ ૨૩૪૫ની શરૂઆત ૧૦ સપ્ટેમ્બર-૨૦૧૩થી કરવામાં આવી હતી. ટેલીફોનિક કાઉન્સેલીંગની મદદથી અત્યાર સુધીમાં ૩૧૧થી વધુ મહામૂલી જીંદગીઓ મોતના મૂખમાંજતી બચાવાય હોવાની વિગતોશ્રી મુનિયાએ આપી હતી.

આ વેળાએ વાંદરેવાલા ફાઉન્ડેશનના પ્રેસીડેન્ટ ડો.જહોને જણાવ્યું હતું કે, સમગ્ર ભારતભરમાંથી હેલ્પલાઈનના ફોન કોલ આવતા હોય છે. અત્યાર સુધીમાં ત્રણ લાખથી વધુના કોલ એટેન્ડ કરીને લોકોનું ટેલિફોનિક કાઉન્સેલીંગ કરવામાં આવ્યું છે તેમજ ૩૧૧થી વધુ જીંદગીઓ બચાવાય છે. ભારતભરમાંથી આવતા ફોન માટે ગુજરાતી, મરાઠી, ઈંગ્લીશ, હિન્દી એમ ચાર ભાષાઓમાં કાઉન્સેલીંગ કરવામાં આવે છે. અમુક માનસિક વ્યકિતઓના ૪૦૦ થી ફોન કોલ્સ પણ આવતા હોવાની વિગતો તેમણે આપી હતી. આ હેલ્પલાઈન સુરત અને ગાંધીનગર એમ બે જિલ્લાઓમાં કાર્યરત છે. સુરતની હેલ્પલાઈન નંબર ૧૮૬૦ ૨૬૬ ૨૩૪૫ અને ગાંધીનગરના ૧૮૦૦ ૨૩૩ ૩૩૩૦ કાર્યરત છે.

સાયકોલોજીસ્ટશ્રી રૂદ્રેશ વ્યાસે જણાવ્યું હતું કે, હેલ્પલાઈન દ્વારા બેઝીક તથા વધારે તકલીફ હોય તેવા સમયે નિષ્ણાંત સાયકોલોજીસ્ટની મદદ લેવામાં આવે છે. ખાસ કરીને પરીક્ષાના સમયે ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓ માનસિક તાણ અનુભવતા હોય છે. ધો.૧૦ના વિદ્યાર્થીઓ ગણિત, સમાજવિદ્યા, અંગ્રેજી તથા ધો.૧૨ના વિદ્યાર્થીઓ ફિઝીકસ, બાયોલોજી, મેથેમેટીકસ જેવા વિષયો પર પ્રશ્નો પૂછતા હોય છે. પરીક્ષાનો ડર, વાચ્યું યાદ નથી રહેતુ તથા માતાપિતાની વધુ પડતી અપેક્ષાઓ જેવા અનેક સવાલો વિદ્યાર્થીઓ કરતા હોવાની વિગતો તેમણે આપી હતી.

જિલ્લા શિક્ષણાધિકારી એસ.એસ. રાજયગુરૂ જણાવ્યું કે, ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ ૭મી માર્ચથી શરૂ થઈ રહી છે. જેમાં સુરત શહેર-જિલ્લામાં ૧.૬૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. ક્યારેક યોગ્ય માર્ગદર્શનના અભાવે વિદ્યાર્થીઓ માનસિક તાણ અનુભવે છે અને વધુ પડતા સ્ટ્રેસના કારણે ક્યારેક આત્મહત્યા સુધીનું અઘટિત પગલું પણ ભરતા હોય છે. આવા સમયે પરીક્ષા પૂર્વે હતાશ વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો હાઉ દૂર માટે આસ્થા હેલ્પલાઈનનો ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો. વિદ્યાર્થીઓ તેમની સમસ્યાના નિવારણ માટે મનોવિજ્ઞાનિક અને મનોચિકિત્સક જેવા નિષ્ણાતો સાથે વાત કરી શકાશે તેવી વિગતો શ્રી રાજયગુરૂએ આપી હતી.

નોંધનીય છે કે, સુરત અને ગાંધીનગર જિલ્લામાં કાર્યરત જીવન આસ્થા હેલ્પલાઈનમાં સમગ્ર ભારતભરમાંથી વર્ષ ૨૦૧૭માં ૧૦,૦૯૩ તથા ૨૦૧૮ના વર્ષમાં ૧૭,૬૯૯ ફોન કોલ દ્વારા લોકોનું કાઉન્સેલીંગ કરવામાં આવ્યું હતું.

સુરત જિલ્લાના ખેડૂતો માટે ખુશખબર: પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ લાભ મેળવવાની અરજી પ્રક્રિયાનો પ્રારંભ

બે હેક્ટર સુધી જમીન ધરાવતા ખેડૂતોએ ગ્રામ પંચાયતના ઈ-ગ્રામ કેન્દ્રથી ઓનલાઈન અરજી કરવી

સુરત

કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે નાના અને સીમાંત ખેડૂત પરિવારને સહાયરૂપ થવા માટે "પ્રધાનમંત્રી કિસાન સમાન નિધિ (ૅ-ર્દ્બેજીછદ્ર)× યોજના અમલમાં મૂકવામાં આવેલ છે, આ યોજના હેઠળ કુલ ૨(બે) હેકટર સુધીની જમીન ધરાવતા ખેડૂત કુટુંબને પ્રતિ વર્ષ રૂપિયા ૬૦૦૦/- ત્રણ સમાન હપ્તામાં સહાય ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) માધ્યમથી મળવાપત્ર થશે. પ્રથમ હપ્તા તરીકે તારીખ ૦૧/૧૨/૨૦૧૮ થી ૩૧/૦૩/૨૦૧૯ સુધીનો સમયગાળો રહેશે. આ યોજના હેઠળ જમીનધારક કુટુંબ એટલે કે પતિ, પત્નિ અને સગીર બાળકો (અઢાર વર્ષથી ઓછી વયના) કે જેઓ સંયુક્ત રીતે પોતાની બે હેકટર સુધી ખેડાણલાયક જમીન ધરાવતા હોય તેઓ આ યોજનાનો લાભ મેળવી શકશે. જમીન ધારકતા અંગે તા.૧/૨/૨૦૧૯ ની સ્થિતિએ ખેડૂત તરીકે નોંધણી થયેલ હોવી જરૂરી છે. આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતોએ સરકાર દ્વારા નક્કી થયેલ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની હોય છે. જે માટે ખેડૂતમિત્રોએ સબંધિત ગ્રામ પંચાયતના ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામસેવકશ્રી, વીસીઈ (ગ્રામ્ય કોમ્પુટર સાહસિક)નો સંપર્ક કરવાનો રહેશે. ઓનલાઈન અરજી કરવા માટે ખેડૂતના જમીનના ખાતા નંબર, આધારકાર્ડ, બેંકની પાસબુક અથવા કેન્સલ કરેલ ચેક રજૂ કરવાના રહેશે.

આ યોજનાનો લાભ નીચેના વ્યક્તિઓને મળી શકશે નહીં તેવી સ્પષ્ટતા પણ કરાઈ છે. જે મુજબ પરિવારમાંથી કોઈ એક વ્યક્તિ વર્તમાન કે ભૂતપૂર્વ વૈધાનિક પદ ધરાવતા હોય, વર્તમાન કે ભૂતપૂર્વ મંત્રીશ્રી રાજય કક્ષાના મંત્રીશ્રી, વર્તમાન કે ભૂતપૂર્વ લોકસભા/રાજયસભા/વિધાનસભાના સભ્ય, વર્તમાન કે ભૂતપૂર્વ મહાનગરપાલિકના મેયરશ્રી અને વર્તમાન કે ભૂતપૂર્વ જિલ્લા પંચાયતના અધ્યક્ષ વર્ગ-૪, સિવાયના અને ખાનગી સંસ્થાઓ સિવાયના તમામ કર્મચારીઓ વયનિવૃત્ત નિવૃત્ત પેન્શનધારકો કે જેઓ પ્રતિ માસ રૂ.૧૦,૦૦૦/- કે તેથી વધુ પેન્શન મેળવતાં હોય, આવકવેરો છેલ્લા એક વર્ષ દરમ્યાન ભરેલ હોય,

પરિવારમાંથી કોઈ ડોકટર, એન્જિનીયર, વકીલ, ચાર્ટડ એકાઉન્ટન્ટ હોય કે આર્કિટેક્ટ હોઈ તેવા પરિવારોનો આ યોજનામાં સમાવેશ થઈ શકશે નહીં.

સુરત જિલ્લાના તમામ ખેડૂત મિત્રોએ આ યોજનાનો લાભ મેળવવા માટે તાત્કાલિક સબંધિત ગ્રામ પંચાયત ખાતે જરૂરી સાધનિક કાગળો સાથે રૂબરૂ જઈ પોતાની ઓનલાઈન અરજી કરાવવા જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયતની યાદીમાં જણાવાયું છે.

બોર્ડના પરીક્ષાર્થીને જરૂર પડ્યે તાકીદે તબીબી સારવાર મળશે

અમદાવાદ

આગામી સાતમી માર્ચથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની વાર્ષિક બોર્ડ પરીક્ષા શરૂ થઈ રહી છે રાજય ભરના અંદાજે ૧૭ લાખ જેટલા વિદ્યાર્થી આ પરીક્ષા આપી રહ્યા છે અમદાવાદ સહિત તમામ જિલ્લાઓમાં પરીક્ષાને લગતી તમામ તૈયારીઓ શરૂ કરવામાંઆવી રહી છે જેમાંઆ વર્ષે વિદ્યાર્થીઓ માટે તબીબી સહાય અંતર્ગત ૧૦૮ ઈમર્જન્સી સેવાથી એક ડગલું આગળ તબીબની સેવા તાત્કાલિક મળી રહે તેવી તૈયારીયો શરૂ કરવામાંઆવી છે

આ અંગે જિલ્લા શિક્ષક સંઘ સાથે બેઠકો યોજવામાં આવી રહી છે આ બેઠક માં પરીક્ષા કેન્દ્રોની નજીક રહેતા ડોકટરો અથવા નજીકની હોસ્પિટલ કે દવાખાનાની માહિતી એકઠી કરવામાં આવી રહી છે આ માહિતીના આધારે ચાલુ પરીક્ષાએ જો કોઈ વિદ્યાર્થીની તબિયત લથડશે તો ૧૦૮ ઈમર્જન્સીની મદદ તો લેવાશે જ પરંતુ ૧૦૮ની પહેલાં ઝડપથી ડોક્ટર જે તે પરીક્ષા કેન્દ્ર પર પહોંચી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

૭મી માર્ચ ૨૦૧૯થી બોર્ડની પરીક્ષાઓ શરૂ થશે. સાતમી માર્ચે પ્રથમ દિવસે ધો.૧૦ અને ધો.૧૨ સાયન્સ તેમજ ધો.૧૨ સામાન્ય પ્રવાહના પેપરો હશે અને લગભગ ૨૦મી સુધીમાં મોટા ભાગના મહત્વના વિષયો સાથેની પરીક્ષાઓ પૂર્ણ થઈ જશે. જ્યારે ગુજકેટની પરીક્ષા ૩૦ માર્ચ ૨૦૧૯ના રોજ લેવાશે. વિદ્યાર્થીઓ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની વેબસાઈટ www. gseb.org પર પણ તમામ પરીક્ષાઓનાં ટાઈમ ટેબલ જાહેર કરી દેવામાં આવ્યાં છે.





તંત્રી સ્થાનેથી...

ઈમાનદારોનુ સ્વાગત

ભારતીય વહીવટી સેવામાં બારણા જો બિન સરકારી કંપનીઓના યોગ્ય અને દેશ સેવાની ભાવના ધરાવતા કુશળ લોકોના પ્રવેશ માટે ખોલવામાં આવ્યા છે તો તેનુ સ્વાગત કરવામાં આવે તે જરૂરીછે. દેશ સેવાની ભાવના ધરાવતા લોકો જો પ્રવેશ કરવા માટે તૈયાર છે તો આવા નિર્ણયનુ સ્વાગત કરવામાં આવે તે તમામની ફરજ છે. ભારતીય વહીવટી સેવાને ચોક્કસપણે સમર્પિત સ્વપ્રેરિત જનસેવકોની જરૂર છે.આને લઈને માંગ પહેલા પણ થતી રહી છે. જો કે આ કોઈ ચોંકાવનારો નિર્ણય નથી. તેના બે કારણ રહેલા છે. પહેલુ કારણ એ છે કે બિન સરકારી કંપનીઓ અને કોર્પોરેટની ભારતીય શાસન વ્યવસ્થામાં દરમિયાનગીરી ખુબ વધારે છે. તે બાબતને તમામ લોકો સારી રીતે જાણે છે. બીજુ કારણ છે કે બિન સરકારીકરણના દોરમાં આ બાબત જરૂરી બની ગઈ હતી. જ્યારે સરકારી કાર્ય અને સેવા હવે આઉટસોર્સિંગ થવા લાગી ગઈ છે. સરકારો પણ હવે બિન સરકારી કંપનીઓની સલાહ લેવા લાગી ગઈ છે. આવી સ્થિતીમાં આ અધિકારીઓની દરમિયાનગીરી એક રીતે દેખાઈ રહી છે. જો કે તમામ જાણકાર લોકો ચોક્કસપણે માને છે કે આ ઐતિહાસિક નિર્ણયને અમલી કરવા મજબુત ઈચ્છાશક્તિ અને પારદર્શિ વ્યવસ્થા જરૂરી રહેશે. દેશ સેવા માટે સમર્પણ ખુબ જરૂરી છે. અમારે ત્યાં નિર્ણય વ્યવસ્થાગત ખામીથી દુર નથી. જેથી શંકાના વાદળો ઘેરાઈ આવે તે સ્વાભાવિક છે. એવુ બની શકે છે કે શક્તિશાળી કંપનીઓ પોતાના અધિકારીઓને સીધી રીતે સરકારી સેવામાં પ્રવેશ કરાવવા લાગી જાય, જેથી સાવધાનીની સાથે સાથે પારદર્શી વ્યવસ્થાની તાકીદની જરૂર છે. કોઈ શક્તિશાળી નેતા પોતાના પસંદગીના અધિકારીને ઘુસાડી શકે તેવુ પણ બની શકે છે. સેવામાં એવા જ બિન સરકારી અધિકારી આવે જે જંગી કમાણીના હેતુ ધરાવે છે. આ તમામ શંકા, પ્રશ્નોની વચ્ચે જે લોકો બિન સરકારી ક્ષેત્રમાંથી અધિકારી ચૂંટી કાઢશે તેમને પણ ઈમાનદારી દર્શાવવી પડશે. કારણ કે નોકરી માટે જંગી લાંચના સમાચાર સતત આવતા રહે છે. પસંદગી કરનાર પાસે મામલો લાંચનો અને દબાણનો પહોંચે તે પણ સ્વાભાવિક છે. પસંદગી કરનાર અધિકારી જો ઈમાનદાર રહેશે તો જ યોગ્ય નિર્ણય લઈ શકાશે. જન સેવા સૌથી મોટી બાબત રહેલી છે. દર વર્ષે ૧૦-૧૫ યોગ્યતા પ્રાપ્ત અને કુશળ કર્મચારી તેમજ અધિકારી બિન સરકારી ક્ષેત્રમાં નોકરી કરવા માટે જતા રહે છે. યોગ્ય અધિકારીઓ પાસેથી યોગ્ય રી કામ કઢાવવાની બાબત પણ ઉપયોગી છે. મોદી સરકાર પારદર્શક વ્યવસ્થાની દિશામાં આગળ વધી રહી છે. આવી સ્થિતીમાં આ હિલચાલ પણ સ્વાગત રૂપ છે. આગામી દિવસોમાં તેની પહેલને અન્ય વિભાગો પણ અમલી બનાવીને આગળ વધે તેવી સંભાવના છે. મોદી સરકારની આ પહેલ વધારે પ્રમાણમાં વિસ્તૃત બને તેમ પણ નિષ્ણાંતો માને છે.


વહીવટી સેવામાં જો બિન સરકારી ક્ષેત્રના ઈમાનદાર અધિકારી આવે તો સારી વાત

સપા-બસપ વર્ષો બાદ સાથે

લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટીએ પણ હાથ મિલાવી લીધા છે. ૨૬ વર્ષના લાંબા ગાળા બાદ સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી સાથે આવતા નવા રાજકીય સમીકરણના સંકેત દેખાઈ રહ્યા છે. યુપીમાં આ ગઠબંધનના કારણે ભારતીય જનતા પાર્ટીને ચોક્કસપણે ફટકો પડનાર છે. છેલ્લી લોકસભા ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવીને ૭૦થી વધારે સીટો જીતી હતી. જોકે આ વખતે ગઠબંધન થઈ ગયા બાદ મોટા ભાગના સર્વે અને પોલ કહી રહ્યા છે કે ઉત્તરપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીને મોટો ફટકો પડનાર છે. તેમની સીટ ઘટીને અડધી થઈ શકે છે. ૧૧મી જાન્યુઆરીના દિવસે લખનૌની એક ફાઈવ સ્ટાર હોટેલમાં બંને પાર્ટીએ પ્રેસ કોન્ફરન્સ કરીને સાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. એ વખતે બસપાના વડાએ કહ્યુ હતુ કે બંને પાર્ટી ૩૮-૩૮ સીટ પર ચૂંટણી લડનાર છે. એ વખતે કહેવામાં આવ્યુ હતુ કે અમેઠી અને રાયબરેલી સીટ કોંગ્રેસ પાર્ટી માટે છોડી દેવામાં આવી છે. ૭૬ સીટ પર બસપા અને સપા દ્વારા ચૂંટણી લડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. માયાવતી અને અખિલેશ યાદવે એ વખતે વહેલી તકે તેમના ઉમેદવારોના નામ જાહેર કરવાની વાત કરી હતી. જો કે એક મહિના બાદ પણ સ્થિતી હાલમાં યથાવત છે. બંને પાર્ટીના કાર્યકરોને હજુ આ વાતની પણ ખબર નથી કે કેવા પ્રકારની તૈયારી તેમને કરવાની રહેશે. તેમના ઉમેદવાર ક્યાં ક્યાં રહેશે તેની તૈયારી કરી લેવામાં આવી છે. માયાવતી અને અખિલેશે કહ્યુ છે કે મોદી અને અમિત શાહની ઉંઘ હરામ આ ગઠબંધન કરી દેશે. જો કે વાસ્તવિકતા એ છે કે બંને પાર્ટીની તૈયારી હાલમાં દુવિધાભરી સ્થિતીમાં ચાલી રહી છે. તમામ અસમંજસની સ્થિતીમાં છે. તેમને ભય સતાવે છે કે તેમની સીટ સાથી પક્ષના ઉમેદવારની પાસે ન જતી રહે. જેથી તેમની પાંચ વર્ષની મહેનત પર પાણી ફરી શકે છે. ગઠબંધનમાં સીટોની ચિંતા કાર્યકરો હાલમાં ન કરે તે જરૂરી છે. ગઠબંધનને જીતાડવા માટેના પ્રયાસ હાલમાં જરૂરી છે. જો કે અખિલેશની આ વાતથી સમસ્યાનો ઉકેલ આવશે નહીં.

કાતિલ ઠંડી વચ્ચે પણ ભાજપ કાર્યકરોને જીતના મંત્ર આપી રહ્યા છે...

યુપી : અમિત શાહે તાકાત લગાવી



લોકસભા ચૂંટણીની તૈયારીમાં ભાજપ હાલમાં સૌથી આગળ : નિયમિત રીતે બેઠકોનો દોર : સપા-બસપા ગઠબંધન, કોંગ્રેસ સામે દુવિધાઓ

લોકસભાની ચૂંટણી આડે હવે વધારે સમય રહ્યો નથી ત્યારે ભારતય જનતા પાર્ટીએ તમામ તાકાત લગાવી દીધી છે. છેલ્લી લોકસભા ચૂંટણીમાં મોદી લહેર વચ્ચે ઉત્તરપ્રદેશમાં તમામ રાજકીય પક્ષોનો સફાયો કરી દેનાર ભારતીય જનતા પાર્ટી સામે આ વખતે સૌથી વધારે પડકાર છે. કારણ કે એક સમયના બે સૌથી મોટા દુશ્મન અને હરિફ પક્ષો સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી હવે એક સાથે આવીને ભાજપ સામે ટક્કર લેવા નિર્ણય કરી ચુક્યા છે. જેનો સીધો લાભ તેમને મળનાર છે. હજુ સુધીના સર્વેમાં પણ તમામ બાબતો ઉભરીને સપાટી પર આવી રહી છે. તમામ સર્વે અને પોલ કહી રહ્યા છે કે ભારતીય જનતા પાર્ટીને ઉત્તર પ્રદેશમાં આ વખતે એવી સફળતા મળશે નહી જેટલ ૨૦૧૪માં મળ હતી. તેની સીટો ઘટીને અડધી થઈ શકે છે. બીજી બાજુ સમાજવાદી પાર્ટી અને માયાવતીની સીટોમાં ઉલ્લેખનીય વધારો થઈ રહ્યો છે. ઉત્તરપ્રદેશમાં તમામ તાકાત ભાજપના પ્રમુખ અમિત શાહે લગાવી દીધી છે. અમિત શાહ કડકડતી ઠંડીમાં પણ પાર્ટીના કાર્યકરોને ઉત્સાહ સાથે જીતના મંત્ર સતત આપી રહ્યા છે. ઠંડીમાં અમિત શાહ પરસેવો વહાવી રહ્યા છે. અમિત શાહ ઓછામાં ઓછી ૭૫ સીટ માટે જોરદાર મહેનત કરી રહ્યા છે. તેઓ દિન રાત એક કરી ચુક્યા છે. ભાજપે ઉત્તરપ્રદેશને છ ભાગોમાં વિભાજિત કરીને તેની રણનિતી તૈયાર કરી છે. હજુ સુધી ચાર ક્ષેત્રોમાં બુથ સંમેલન યોજાઈ ચુક્યા છે. ભારતીય જનતા પાર્ટીએ આ સંમેલનમાં પાર્ટીના પ્રદેશ હોદ્દેદારો, મોરચાના અધ્યક્ષો, ક્ષેત્રીય અધ્યક્ષો અને સંગઠન મંત્રીની સાથે સતત વાતચીત કરી છે. મોરચાના પ્રભારીઓને પણ સતત બોલાવવામાં આવી રહ્યા છે. પાર્ટીએ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિ ૨૫મી ડિસેમ્બરના દિવસે સુશાસન દિવસની ઉજવણી કરી હતી. તેમને બુથ સ્તર પર શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આવી રીતે પાર્ટીએ પોતાના કાર્યકરોને ઘરે ઘરે જવા માટે સુચના આપી દીધી છે. તમામ ૧૮ કમીશનરી ઓફિસ પર કાર્યક્રમો થઈ રહ્યા છે. સહકારિતા, શિક્ષણ, વિધી અને વેપારી કાર્યક્રમ થઈ રહ્યા છે. બાઈક રેલીની સાથે ૨૬મી ફેબ્રુઆરીના દિવસે કમલ વિકાસ જ્યોતિ યાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પાર્ટીની યોજના ૬૨ હજારથી વધારે ગામોમાં પદયાત્રા કરીને ૬૧૨૯ ગામોમાં ચોપાલ લગાવવામાં આવનાર છે. કેન્દ્ર અને રાજયન જનકલ્યાણ યોજનાના સંબંધમાં પૂર્ણ માહિતી આપવામાં આવી રહી છે. કલ્યાણકારી યોજનાના પત્ર ૧.૨૫ કરોડ ઘર સુધી પહોંચાડી દેવાની તેમન યોજના છે. લોકસભા ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટી તમામ તાકાત લગાવી રહી છે. મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પણ પોતાના સ્તર પર જોરદાર મહેનત કરવામાં લાગેલા છે. તેમની તમામ તાકાત પણ ઉત્તરપ્રદેશમાં રહેશે. સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સ્મૃતિ ઈરાની અને અન્ય સ્ટાર પ્રચારકો પ્રચારને લઈને આક્રમક દેખાઈ રહ્યા છે. ચૂંટણીને લઈને કોંગ્રેસ, બહુજન સમાજવાદી પાર્ટી અને સમાજ વાદી પાર્ટી તમામ તૈયારીમાં લાગેલા છે. જો કે ભારતીય જનતા પાર્ટી સૌથી વધારે આક્રમક ચૂંટણી તૈયારીમાં છે. સર્વેમાં તેમની સીટ ઘટવાની વાત કરવામાં આવ્યા બાદ પાર્ટીએ હવે તમામ તાકાત કેન્દ્રિત કરી દીધી છે. જમીની સ્તર પર તમામ પાર્ટી ભાજપ કરતા ખુબ પાછળ છે. ભારતીય જનતા પાર્ટીએ જ્યાં બુથ અધ્યક્ષ સંમેલનો મારફતે તમામ કાર્યકરોને ચૂંટણી મોડમાં મુકી દીધા છે. કોંગ્રેસ પાર્ટીની હજુ તૈયારી શરૂ થઈ રહી નથી. સમાજવાદી પાર્ટી અને બસપના કાર્યકરો સીટની વહેચણીને લઈને રાહ જોઈ રહ્યા છે. આવી સ્થિતીમાં ભારતીય જનતા પાર્ટીને ફાયદો દેખાઈ રહ્યો છે. કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા વાઢેરાની એન્ટ્રી થઈ ગયા બાદ કોંગ્રેસ પાર્ટીમાં રાજકીય ગતિવિધી વધી ગઈ છે. પ્રિયંકા ૧૧મી ફેબ્રુઆરીના દિવસે રાહુલ અને જ્યોતિરાદિત્યની સાથે ઉત્તરપ્રદેશમાં પહોંચી ગયા છે. રાજકીય પાર્ટીઓના નેતા કહે છે કે પોત પોતાની તૈયારી હાથ ધરવામાં આવી છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ મહેન્દ્ર નાથ પાન્ડે કહી ચુક્યા છે કે અમે મોટી જવાબદારી ધરાનાર પાર્ટીના નેતા તરીકે છીએ. અમે દરેક પરિસ્થિતી અને દરેક પાર્ટીને પડકાર તરીકે ગણીએ છીએ. તમામ ગઠબંધન ભારતીય જનતા પાર્ટી સામે ફ્લોપ થનાર છે. દેશના લોકો હવે ગુજરાલ અને દેવગોડા જેવી સરકાર જોવા માટે ઈચ્છુક નથી. કોંગ્રેસના લોકોનુ કહેવુ છે કે કોંગ્રેસ પાર્ટીમાં હવે નવી તાકાત ઉમેરી દેવાના પ્રયાસ થઈ રહ્યા છે. પ્રિયંકા ગાંધી વાઢેરા મેદાનમાં ઉતરી જવાથી સીધો ફાયદો ભારતીય જનતા પાર્ટીને થનાર છે. અન્ય પાર્ટીઓ પણ આવા જ અભિપ્રાય ધરાવે છે.

પંજાબમાં લોકસભાની ૧૩ સીટો પર લડાઈ પણ મહત્વપૂર્ણ રહેશે...

પંજાબની રાજનીતિ ચાર પરિવારોમાં



અકાલી દળ અને ભાજપે પોતાની તાકાત જાળવી રાખવા માટેના પ્રયાસ હાથ ધર્યા : આમ આદમી પાર્ટીની તાકાતમાં ઉલ્લેખનીય ઘટાડો થયો

લોકસભા ચૂંટણીમાં પંજાબની ભૂમિકા પણ નબળી દેખાઈ રહી નથી. અહીની ચૂંટણી પણ ઉપયોગી સાબિત થનાર છે. દેશભરમાં ભલે વંશવાદને લઈને રાજનીતિમાં હોબાળો છે. જો કે પંજાબની રાજનીતિ પણ ચાર પરિવારની પરિક્રમા પર આધારિત રહેલી છે. રસપ્રદ બાબત એ છે કે તેમની વચ્ચે પરિવારિક સંબંધો પણ છે. પંજાબમાં લોકસભાની કુલ ૧૩ સીટો રહેલી છે. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને ત્રણ સીટ મળી હતી. અકાળી દળને ચાર સીટો મળી હતી. ભાજપને બે સીટો મળી હતી. આમ આદમી પાર્ટીને ચાર સીટો મળી હતી. આવી જ રીતે વર્ષ ૨૦૦૯માં કોંગ્રેસને આઠ અને અકાળી દળને ચાર સીટો મળી હતી. ભાજપને એક સીટ મળી હતી. આવી સ્થિતીમાં રાજકીય પંડિતો કહે છે કે આ વખતે સીધી સ્પર્ધા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રહેનાર છે. અરવિન્દ કેજરીવાલની પાર્ટીની તાકાત હવે ઉલ્લેખનીય રીતે ઘટી ગઈ છે. આવી સ્થિતીમાં ભાજપને ફાયદો થઈ શકે છે. પંજાબમાં પરિવારવાદ મહત્વપૂર્ણ બાબત છે. આ પરિવારના પારસ્પરિક સંબંધ પણ છે. બાદલ પરિવારની પુત્રીના લગ્ન કેરો પરિવારમાં થયા છે. કેરો પરિવારની ભત્રીજીના લગ્ન બરાર પરિવારમાં થયા છે. હરચરણ સિંહ બરારનો પુત્ર મુખ્યપ્રધાન કેપ્ટન અમરિન્દર સિંહના નાના ભાઈના સાહુ છે. આ પરિવારોમાંથી જ કોઈને કોઈ રાજયના મુખ્યપ્રધાન રહ્યા છે. એટલુ જ નહીં ક્યારેક ખાલિસ્તાન સમર્થક રહેલા સિમરનજીત સિંહ માનના પત્નિ ગિતેન્દ્ર કૌર માન કેપ્ટન અમરિન્દર સિંહના પત્નિ પરનિતીના બહેન છે. આ પરિવારની ચારેબાજુ ઘેરાયેલી રાજનીતિના કારણે અન્ય કોઈ નેતા પંજાબમાં ઉભરી શક્યા નથી. સામાન્ય પરિવારમાંથી આવતા સુરજીત સિંહ બરનાલા, રાજેન્દ્ર કૌર, ભટ્ટલ, હરચરણ સિંહ બરાર લાંબા સમય સુધી મુખ્યપ્રધાન પદ પર ટકી શકયા ન હતા. વર્ષ ૧૯૭૭ બાદથી તો માત્ર પ્રકાશ સિંહ બાદલ અને કેપ્ટન અમરિન્દર સિંહના શાસન રહ્યા છે. પંજાબની રાજનીતિ પર નજર રાખનાર રાજનીતિ નિષ્ણાંતો કહે છે કે જ્યારે પણ અન્ય કોઈ નેતાનુ કદ વધે છે ત્યારે આ તમામ સાથે મળને તેની તાકાતને ઘટાડી દેવામાં લાગી જાય છે. નવજોત સિદ્ધુ હોય કે પછી બરનાલા તમામ સાથે આવુ જ કરવામાં આવે છે. પંજાબમાં આમ આદમી પાર્ટીની આંધી હવે શાંત થઈ ચુકી છે. પટિયાલામાં પાર્ટી સાંસદ હવે પંજાબ મંચન સાથે જોડાઈ ચુક્યા છે. ધારાસભ્ય સુખપાલ ખેરા નવી પાર્ટી બનાવી ચુક્યા છે. ફતેહ ગઢ સાહિબથી હરિન્દર સિંહ ખલાસા પણ પાર્ટીથી ભારે નારાજ છે. મુખ્યપ્રધાન બન્યા બાદ કેપ્ટન અમરિન્દર સિંહની તાકાત વધી છે. કોંગ્રેસ પાર્ટીની સ્થિતી મજબુત બની છે. જો કે તેમના વચન હજુ પણ પૂર્ણ થયા નથી. જેથી મતદારો કેટલાક અંશે નારાજ છે. કરતારપુરા કોરિડોરમાં નવજોત સિદ્ધુની પક્કડ દેખાય છે. પાર્ટી હવે વર્ષ ૨૦૧૪માં આવેલી ત્રણ સીટોની સંખ્યાને વધારી દેવા માટે ઈચ્છુક છે. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટી અને અકાળી નેતા પોતાની તાકાતને વધારી દેવાના પ્રયાસમાં છે. વર્ષ ૨૦૧૪માં ભાજપની પાસે અમૃતસર, હોશિયારપુર, અને ગુરદાસપુર સીટ હતી. અકાળી દળને પણ ૧૦માંથી માત્ર ત્રણ સીટો મેળવીને સંતોષ માનવાની ફરજ પડી હતી. ભાજપને શાસન વિરોધી લહેરની સ્થિતીમાં નુકસાન થઈ શકે છે. વિનોદ ખન્નાના અવસાનથી પણ પાર્ટીને નુકસાન થઈ શકે છે. ભારતીય જનતા પાર્ટીના લોકો મોદી સરકારની સિદ્ધીઓ અને યોજનાને લઈને લોકોની વચ્ચે જનાર છે. ભાજપના લોકો કહે છે કે એક પછી એક દેશ હિતમાં અનેક સાહસી નિર્ણય કરવામાં આવી રહ્યા છે. નોટબંધી અને જીએસટી જેવા મોટા આર્થિક સુધારા હાથ દરવામાં આવ્યા હતા. કોઈએ વિચાર્યુ હતુ કે ખેડુતોને પણ વેતન મળી શકે છે. ભારતમાં હાઈ સ્પીડ ટ્રેન ચાલી શકે છે અને બુલેટ ટ્રેનના સપના પણ જોઈ શકાય છે. દેશના તમામ લોકોના બેંક ખાતા હશે તેવુ પણ ક્યારેય કોઈએ વિચાર્યુ ન હતુ. આજે સૌર ઉર્જા અને મોબાઈલ નિર્માણના મામલે ભારત આજે વિશ્વમાં બીજા નંબર પર છે. સબસિડીના પૈસા બેંક ખાતામાં આજે આવી રહ્યા છે. તમામ પેમેન્ટ થોડીક મિનિટોમાં જ ખાતામાં આવી જશે તેવી કોઈએ કલ્પના પણ કરી ન હશે. આ તમામ બાબતોને ધ્યાનમાં લેવામાં આવે તો કહી શકાય છે કે દેશની પ્રજા સમક્ષ બીજા કોઈ વિકલ્પ નથી. સરકારની કામગીરીની લઈને કાર્યકરો ખુશ છે.

જ્યારે વર્ક પ્લેસ પર ચીજો ખોટી બને

દરેક વ્યક્તિ ઈચ્છે છે કે તે જે કામ કરે તેમાં તેને મોટી સફળતા હાથ લાગે. પરંતુ દરેક વખતે આવી બાબત શકય હોતી નથી. વર્ક પ્લેસ પર કેટલીક વખત ઈચ્છા ન હોવા છતાં કેટલીક ચીજો ખોટી થવા લાગી જાય છે. આવી સ્થિતીમાં આપને પોતાની ભાવના અને સમસ્યાને યોગ્ય રતે ટેકલ કરવાની જરૂર હોય છે. વર્ક પ્લેસ પર હમેંશા સારો સમય જ ચાલતો રહે તે જરૂરી નથી. જો તમે વર્કિંગ પ્રોફેશનલ છો તો કેટલીક વખત આપને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. શુ તમે ખરાબ સમયમાં ટેન્શનનો અનુભવ કરો છો ? સમસ્યા સાથે લજડવા માટેના બે તરીકા હોય છે. જે પૈકી એક ઈમોશન ફોક્સ્ડ અને પ્રોબલ્મ ફોક્સ્ડનો સમાવેશ થાય છે. બંનેનો ઉપયોગ કરીને ટેન્શનને યોગ્ય રીતે ટેકલ કરી શકાય છે. ઈમોશનનલ કોપિંગનો અર્થ છે કે નેગેટિવ ઈમોશન્સ અને ટેન્શનને કાબુમાં રાખવામાં આવે. દૈનિક રૂટીન ફોલો કરવાથી ફાયદો થાય છે. જેમ જ તમે પોતાના દૈનિક રૂટીન કામ પૂર્ણ કરો છો તેજી રીતે તમે પોતાની લાઈફમાં કમ્ફોર્ટ જોનને કન્ટ્રોલ કરી શકો છો. દરરોજ સ્ટ્રેસથી રિક્વર થવા માટે કેટલાક વિકલ્પ રહેલા છે. જો તમે ગુસ્સામાં અથવા તો ડિપ્રેસ્ડ છો તો ખરાબ દિવસોને અંગત નિષ્ફળતા તરીકે લેવાની શરૂઆત થઈ જાય છે. પોતાની ભાવના પર લેબલ લગાવવાની જરૂર હોય છે. શુ તમે ગુસ્સામા છો. ટેન્શનમાં છો અથવા તો ડિપ્રેસ્ડ છો. અથવા તો શુ અપમાન થયુ હોય તેમ લાગે છે. જો આવી સ્થિતી છે તો પોતાને હળવી સ્થિતીમાં મુકી દેવાની જરૂર હોય છે. પોતાના ફિજિકલ રિએક્શન પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. ભાવના ઓછી હશે તો સમસ્યા ધીમી ગતિથી પોતાની રીતે દુર થતી રહેશે. જો વર્ક પ્લેસ પર કોઈ સમસ્યા આવે છે તો તેને ઉકેલવા માટે સૌથી પહેલા સમસ્યા શુ છે તે જાણવા માટેના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. કારણ અંગે માહિતી હોવાથી સમસ્યા વહેલી તકે અને સરળ રીતે ઉકેલી શકાય છે. આપને જજમેન્ટ મોડથી બહાર રહેવાની જરૂર હોય છે. કોઈ પણ સમસ્યા માટે પોતાને દોષિત ગણવાની બાબત બિલકુલ યોગ્ય નથી. એક બાબત હમેંશા ધ્યાનમાં રાખવી જોઈએ કે મોટા ભાગના સફળ લોકો ખુબ આશાવાદી હોય છે. જો તમે કોઈ સ્થિતીમાં નેગેટિવ ચીજો નિહાળો છો તો કારણ શોધી કાઢવામાં ઈમાનદારી રાખવામાં આવે તે જરૂરી છે. આપને સમજી લેવાની જરૂર છે કે સમસ્યા કેટલી પણ મોટી કેમ ન હોય દરેક સમસ્યાનો ઉકેલ તો હોય છે . આ બાબતને સમજી લેવાની જરૂર છે કે અલગ અલગ વલણની સાથે મલ્ટીપલ સોલ્યુશન શોધી શકાય છે. સમસ્યાને નિહાળીને તેની અલગ ફ્રેમિંગ તૈયાર કરવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. અન્ય લોકોના દ્રષ્ટિકોણથી પણ સમસ્યાને સમજી લેવાના પ્રયાસ કરવા જોઈએ. એવી બાબત જાણવાના પ્રયાસ કરવા જોઈએ કે ત્રણ મહિના બાદ અથવા તો ત્રણ વર્ષ પછી આનુ મહત્વ શુ રહી જશે. .જો તમે પગલા લઈ ચુક્યા છો તો તેના ભવિષ્ય અંગે ચિંતા કરવી જોઈએ નહીં.

મીટુમાં આલોકનાથ પર લાગેલા આરોપ : હું તેમને જાણીને પણ અજાણ રહી : માધુરી દિક્ષીત

મુંબઈ

માધુરી દીક્ષિતે આલોકનાથ અનને સૌમિક સેન સામે મીટુ હેઠળ લાગેલા યૌન શોષણના આરોપોને પોતાના માટે ચોંકાવનારા ગણાવ્યા હતા. દીક્ષિતે કહ્યુ કે તે આ બંને સામે લાગેલા આરોપોથી આશ્ચર્યચકિત હતી કારણકે તેમને આ લોકો પર આવા આરોપની અપેક્ષા નહોતી. નાથ અને સેન સામે ગયા વર્ષે મી ટુ અભિયાન હેઠળ યૌન શોષણના આરોપ લગાવવામાં આવ્યા હતા. બંને સાથે માધુરીએ કામ કર્યુ છે.



માધુરી દીક્ષિતે આલોકનાથ અને ફિલ્મ નિર્માતા સૌમિક સેન પર લાગેલા યૌન શોષણના આરોપો પર કહ્યુ કે આમના નામ મીટુ અભિયાનમાં આવવાથી તેમને દુખ થયુ હતુ. આ હંમેશાથી ચોંકાવનારુ હોય છે કારણકે તમે તેમને જાણતા તો હોવ પરંતુ એ રીતે ન જાણતા હોય. તેમની જિંદગીના એ પહેલુથી અજાણ હોવ છો. માધુરીએ કહ્યુ, તમે તેમને કેટલા જાણતા હતા અને કેટલા જાણી રહ્યા છો, આ બે અલગ અલગ વાતો છે. આ બહુ ચોંકાવનારો મામલો હતો.

ગયા વર્ષે ઓગસ્ટમાં મીટુ અભિયાનાં લેખક અને નિર્દેશક વિંતા નંદાએ આલોકનાથ પર બળાત્કારનો આરોપ લગાવ્યો હતો. સૌમિક સેન પર પણ ત્રણ મહિલાઓએ અનુચિત વ્યવહારના આરોપ લગાવ્યા હતા. આ મામલો ઘણો ચર્ચામાં રહ્યો. નંદાએ આલોકનાથ સામે રેપનો મામલો પણ નોંધાવ્યો. દીક્ષિત આલોકનાથ સાથે ઘણી ફિલ્મોમાં કામ કરી ચૂકી છે. વળી માધુરીએ સૌમિક સેનની ફિલ્મ ગુલાબી ગેંગમાં પણ મહત્વની ભૂમિકા નિભાવી હતી.

માધુરી દીક્ષિત હાલમાં પોતાની આવનારી ફિલ્મ 'ટોટલ ધમાલ'ના પ્રમોશનમાં બિઝી છે. ફિલ્મમાં અનિલ કપૂર અને માધુરી દીક્ષિત ગુજરાતી કપલનો રોલમાં છે. ફિલ્મમાં આ બંને સાથે અજય દેવગણ, અરશદ વારસી, જાવેદ જાફરી પણ લીડ રોલમાં છે. ફિલ્મને ઈન્દ્ર કુમારે ડાયરેક્ટ કરી છે કે જે 'ધમાલ' ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ છે. આ ૨૦૦૭માં આવેલી 'ધમાલ' અને 'ડબલ ધમાલ'ની સિક્વલ છે. અનિલ



અને માધુરી ૧૮ વર્ષ બાદ કોઈ ફિલ્મમાં સાથે દેખાશે. બંને ૨૦૦૦માં આવેલી ફિલ્મ 'પુકાર' માં સાથે જોવા મળ્યા હતા. ત્યારબાદ બંનેએ ફિલ્મ લજ્જામાં કામ કર્યુ હતુ પરંતુ સાથે તેમનો કોઈ સીન નહોતો. અનિલ અને માધુરી એક ડઝનથી વધુ ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યા છે. આમાં ધારાવી, ખેલ, બેટા, જમાઈ રાજા, રામ લખન, તેઝાબ, હિફાજત, ઘરવાલી બહારવાલી અને રાજકુમાર જેવી ફિલ્મો છે.

એફટીઆઈઆઈના પૂર્વ અધ્યક્ષ ગજેન્દ્ર ચૌહાણ રાક્ષસ બનશે




મુંબઈ

ભારતીય ફિલ્મ અને ટેલીવીજન સંસ્થાન (એફટીઆઈઆઈ)ના પૂર્વ અધ્યક્ષ અને અભિનેતા ગજેન્દ્ર ચૌહાણ એકવાર ફરીથી ટેલીવિજન પર ભૂમિકા કરતા નજરે પડશે ચૌહાણ તાકિદે ટીવી પર રાક્ષસની ભૂમિકા કરતા નજરે પડશે. તાકિદે જ સોની ચેનલની ધારાવાહીક વિઘ્નહર્તા ગણેશમાં દંભાસુરની ભૂમિકા ભજવતા નજરે આવનાર છે. મજાની વાત એ છે કે ચૌહામ બી આર ચોપડાની મહાભારતમાં યુધિષ્ઠિરની ભૂમિકાથી લોકપ્રિય થયા હતાં અને હવે નેગેટિવ ભૂમિકા કરતા નજરે પડશે.

ગજેન્દ્ર ચૌહાણે કહ્યું હતું કે હું દૈત્યોના રાજા દંભાસુરની ભૂમિકા નિભાવી રહ્યો છું જે કૈલાશ પર આવેલ ભગવાન શિવના આવાસ પર કબજો જમાવવા માંગે છે. આ પહેલા મેં ૧૦૦થી વધુ પૌરાણિક ધારાવાહીકોમાં કામ કર્યું છે પરંતુ પહેલીવાર હું અસુરની ભૂમિકા ભજવી રહ્યો આવામાં તેમને નિગેટિવ રોલમાં જોવુ ખુબ રસપ્રદ બની રહેશે

તેમણે કહ્યું કે આ એક શક્તિશાળી ભૂમિકા છે જે ભગવાન શિવને પડકાર આપે છે મને વિશ્વાસ છે કે વિઘ્નહર્તા ગણેશમાં મારો દંભાસુરની નકારાત્મક ભૂમિકા દર્શકોને પસંદ આવશે. જો કે આ પહેલીવાર નથી જયારે ચૌહાણ કોઈ નકારાત્મક ભૂમિકામાં નજરે આવનાર છે. આ પહેલા પણ અનેકવાર ગજેન્દ્ર અનેક ફિલ્મોમાં વિલનની ભૂમિકામાં નજરે આવી ચુકયા છે.

દુર્ભાગ્યપૂર્ણ છે કે લોકો ફિલ્મોથી ખોટી શીખ લે છે : શાહરૂખ



સુપરસ્ટાર શાહરૂખ ખાને જણાવ્યું હતું કે કોઈ પણ ફિલ્મ નિર્માતા એ હેતુથી સિનેમા બનાવતા નથી કે લોકો તેનાથી ખોટી શીખ લે અને એ દુખદ છે કે અનેકવાર દર્શક ફિલ્મ જોઈ ખોટી વસ્તુથી પ્રભાવિત થઈ જાય છે. એ યાદ રહે કે તાજેતરમાં રાષ્ટ્રીય પાટનગર ક્ષેત્રમાં અપહરણના સંબંધમાં પોલીસે દાવો કર્યો હતો કે આરોપી શાહરૂખ ખાનની ૧૯૯૩ની ફિલ્મ ડરથી પ્રભાવિત હતો ત્યારબાદ અભિનેતા આ અંગે શાહરૂખ ખાનને આ બાબતે પુછવામાં આવ્યું હતું ત્યારે તેણે ઉપરોકત જણાવ્યું હતું. શાહરૂખ ખાને જણાવ્યું હતું કે ફિલ્મ હસ્તીઓનો પ્રશસકો પર શાનદાર પ્રભાવ પડે છે. મારૂ માનવું છે કે અમારા લોકો પર સકારાત્મક વધુ અને નકારાત્મક ઓછી અસર પડે છે.અમારૂ કામ તેના પર તેનાથી વધુ અસર કરે છે જેટલુ અમે વિચારીએ છીએ. કોઈ પણ ફિલ્મ નિર્માતા લોકો પર નકારાત્મક અસર માટે ફિલ્મ બનાવતો નથી અનેકવાર લોકો ખોટી શિખ લઈ લે છે તે કમનસીબ છે.

ડ્રગ્સનો શિકાર થઈ ચુકેલો સંજય દત્ત હવે યુવાઓને આ ખતરાથી બચાવશે

મુંબઈ

બોલીવુડ ઈન્ડસ્ટ્રીના બાબા સંજય દત્તની કહાની કોઈનાથી છુપાયેલી નથી. દરેક લોકો જાણે છે કે એના લાઈફમાં એક સમય એવો આવ્યો હતો કે જ્યારે તે ડ્રગ્સ એડિક્ટનો સામનો કરી રહ્યો હતો. આ નશાની આદતના કારણે એને એની લાઈફનો મહત્વનો સમય ગુમાવી દીધો. આ આદતને છોડાવવા એના પિતા સુનીલ દત્તે એની મદદ કરી હતી. આજે એ વાતને વર્ષો વીતી ચુક્યા છે.

હવે સંજય દત્ત યુવાઓને ડ્રગ્સ ખતરાથી લઈને જાગરૂક કરવા માગે



છે. જી હાં સંજય શ્રી શ્રી રવિશંકરના 'ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા' અભિયાન નો ભાગ બન્યો છે. એને આ માટે પોતે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ દ્વાર જણાવ્યું છે.

સંજયે આ પોસ્ટના કેપ્શનમાં લખ્યું, 'હું હંમેશા કંઈક એવું કરવા ઈચ્છતો હતો જેનાથી દેશમાં ડ્રગ એડિક્શનની સમસ્યાને લઈને કંઈક કરી શકું. ડ્રગ ફ્રી ઈન્ડિયા એક એવું જ કેમ્પેન છે. મારા પર્સનલ અનુભવને કારણે આ મુદ્દો મારા દિલની ખૂબ નજીક છે અને હું આ કેમ્પેનની સાથે જ દેશના નૌજવાનોને મદદ કરવા ઈચ્છીશ.'

કેમ્પેનમાં સંજય દત્ત ઉપરાંત એક્ટ્રેસ સોનાક્ષી સિંહા, વરુણ ધવન, કપિલ શર્મા, પરણીતિ ચોપડા, બાદશાહ અને વરુણ શર્મા જેવા જાણીતા સિતારાઓ પણ જોડાયેલા છે. આ કેમ્પેન ૧૮ ફેબ્રુઆરીએ ચંડીગઢમાં થશે. સંજય દત્તના વર્ક ફ્રંટની વાત કરીએ તો કરણ જોહરની ફિલ્મ કલંકના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ઉપરાંત આ વર્ષે ઘણી મોટી ફિલ્મો લઈને આવી રહ્યો છે.

વડાપ્રધાન મોદી બાદ રાહુલ ગાંધી પર ફિલ્મ બની રહી છે

નવી દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના જીવન પર કેન્દ્રીત માઈ નેમ ઈઝ રાગા નામની એક ફિલ્મ બનાવવામાં આવી રહી છે.નિર્દેશક રૂપેશ પાલે એક યાદીમાં જણાવ્યું છે કે ફિલ્મનો હેતુ ન તો રાહુલની મહિમામંડન કરવાનો છે અને ન તો તેના રહસ્ય હટાવવાનો છે.આ એક એવા ઈસાનની કહાની છે જેના પર હાસ્યાસ્પદ હુમલો કરવામાં આવ્યો અને તેણે કંઈ રીતે શાનદાર વાપસી કરી

તેમણે કહ્યું કે જેમણે પણ નિડરતાથી બાર અને નિષ્પલતાનો સામનો સામનો કર્યો છે તે ખુદને આ કહાનીથી જોડી શકે છે.આ હિસાબથી હું તેને બાયોપિક કહીશ નહીં આ કોઈ પણ વ્યક્તિની એક કહાની છે જેને પડકારપૂર્ણ જીવન પર જીત હાંસલ કર્યા બાદ રોકવો અશકય થઈ જાય છે ફિલ્મ મચુંટણીઓ વચ્ચે એપ્રિલમાં રીલીજ થઈ શકે છે.

એ યાદ રહે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ ફિલ્મ બનાવવામાં આવી રહી છે અભિનેતા વિવેક આનંદ ઓબેરોયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જીવન પર આધારિત ફિલ્મ પીએમ નરેન્દ્ર મોદીનું શુટીંગ શરૂ કરી દીધુ છે. તાજેતરમાં બાયોપિકના સેટથી એક તસવીર જારી કરવામાં આવી હતી જેાં નિર્માતા સંદીપ સિંહ,નિર્દેશક ઉમંગકુમાર બી અને વિવેક સેટ પર કલૈપરબોર્ડ પકડતા નજરે પડયા હતાં. ફિલ્મમાં વિવેક મોદીની ભૂમિકામાં છે તેની સાથે બોમન ઈરાની અને દર્શનકુમાર જેવા કલાકારો છે.

હવે ટીવી પર જોવા મળશે ઝાંસીની રાનીની ગૌરવ ગાથા

મોટી પડદા પર ધમાલ મચાવ્યા બાદ હવે નાના પડદા પર પણ મણિકર્ણિકાનો જાદુ



તાજેતરમાં રિલીજ થયેલ મણિકર્ણિકા ધ કવીન ઓફ ઝાંસી લોકોને ખુબ પસંદ આવી રહી છે ૧૦૦ કરોડની કમાણી કર્યા બાદ આ ફિલ્મ હજુ પણ સિનેમા હોલમાં બની રહી છે.ફિલ્મમાં કંગના રનૌત મુખ્ય ભૂમિકામાં નજરે આવી રહી છે મોટી પડદા પર ધમાલ મચાવ્યા બાદ હવે નાના પડદા પર પણ મણિકર્ણિકાનો જાદુ લોકોની વચ્ચે છવાઈ જનાર છે. બોલીવુડની અનેક એવી ફિલ્મો છે જેને ટીવી શોના રૂપમાં ખુબ પસંદ કરવામાં આવે છે આ યાદીમાં ખુબ લડી મર્દાની ઝાંસી કી રાનીનું નામ પણ જોડનાર છે. આ સીરિયમાં રાની લક્ષ્મીબાઈની ભૂમિકામાં અનુષ્કા સેન જોવા મળશે. અનુષ્કા ૧૬ વર્ષની છે અને આ પહેલા અનેક ટીવી સીરિયરમાં નજરે આવી ચુકી છે. એ યાદ રહે કે ખુબ લડી મર્દાની ઝાંસી કી રાનીનો પ્રોમોની સાથે જ લોકોએ અનુષ્કા સેનનું લુક પણ ખુબ પસંદ આવી રહ્યું છે.

હાલમાં અનુષ્કા ખુબ લડી મર્દાની ઝાંસી કી રાનીમાં પોતાની ભૂમિકા માટે ખુબ તૈયારી કરી રહી છે ઘોડેસવારીથી લઈ તલવારબાજી માટે તેણે તાલીમ લીધી છે. પ્રોમો રિલીજ થયા બાદ તેના દરેક એક લુક પર ખુબ ચર્ચા થઈ રહી છે . શોમાં અનુષ્કાના ઓપોજિટ વિકાસ માનકચતાલા જોવા મળશે.આ શોમાં અનુષ્કા ટીવી શો બાલ વીર,દેવો કે દેવ મહાદેવ જેવી સીરિયલમાં નજરે પડી ચુકી છે. ફિલ્મ મણિકર્ણિકા ધ કવીન ઓફ ઝાંસી રિલીજ થયા બાદ અનુષ્કાની કંગના રનૌતથી પણ સરખામણી થઈ રહી છે જયારે વાત કરીએ કંગના રનૌતની તો અભિનેત્રી પોતાની ફિલ્મની સફળતાને લઈ ખુશ છે આ ફિલ્મમાં કંગના ઉપરાંત અંકિલા લોખંડે પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં નજરે આવી રહી છે.

'ગ્રેમી'નો બહિષ્કાર કરનાર એરિયાના ગ્રેંડેને જ મળ્યો એવૉર્ડ

૬૧માં ગ્રેમી એવૉર્ડ્સનું આયોજન ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૯નાં રોજ કરવામાં આવ્યું. ગ્રેમી એવૉર્ડ્સને મ્યૂઝિક ઈન્ડસ્ટ્રીનો સૌથી મોટો એવૉર્ડ માનવામાં આવે છે. ગ્રેમીમાં 'ધિસ ઈઝ ધ અમેરિકા' સૉન્ગને 'સૉન્ગ ઑફ ધ યર' તરીકે પસંદ કરવામાં આવ્યું છે. એલીસિયા કીઝે આ એવૉર્ડ સમારોહને હૉસ્ટ કર્યો હતો અને એવૉર્ડની રજૂઆત ધ રેકૉર્ડિંગ એકેડમી તરફથી કરવામાં આવી હતી. લેડી ગાગાનાં સૉન્ગ 'વેર ડૂ યૂ થિંક યૂ આર ગોઈંગ'ને બેસ્ટ પૉપ સૉલો પરફૉર્મન્સની કેટેગરીમાં પસંદ કરવામાં આવ્યું છે. લેડી ગાગાને ૩ ટ્રૉફી મળી છે. ૬૧માં ગ્રેમી એવૉર્ડનો બહિષ્કાર કરનારી અમેરિકી ગાયિકા એરિયાના ગ્રેંડે પોતાનો પહેલો ગ્રેમી એવૉર્ડ જીત્યો છે. રવિવારનાં રોજ ૨૦૧૯ ગ્રેમી એવૉર્ડનાં કેટલાક કલાક પહેલા રેકૉર્ડિંગ અકેડેમીએ જાહેરાત કરી કે ગાયિકાએ 'સ્વીટનર'નાં માટે સર્વશ્રેષ્ઠ પૉપ વોકલ એલ્બમનો એવૉર્ડ જીત્યો છે. ચુપે શાંથી પહેલા ઘણા વિજેતાઓનાં નામનો ખુલાસો કર્યો હતો.

ટીવી સીરિયલ 'લાડો-૨'ની અભિનેત્રી લગ્ન કરવા જઈ રહી છે

મુંબઈ: ટીવી શો 'લાડો-૨'ની અભિનેત્રી પલક જૈન ટૂંક સમયમાં લગ્ન કરવા જઈ રહી છે. ઈંદોરમાં તે પોતાના બોયફ્રેન્ડ તપસ્વી મહેતા સાથે ૧૦ ફેબ્રુઆરીએ લગ્નગ્રંથીથી જોડાશે. તેના પ્રિ-વેડિંગ ફંક્શન્સની તસવીરો સોશ્યિલ મીડિયા પર વાઈરલ થઈ છે. ૨૪ વર્ષીય અભિનેત્રીની લગ્ન પહેલાની રસ્મો મુંબઈમાં શરૂ થઈ હતી. બાકીની રસ્મો તેના હોમટાઉન ઈંદોરમાં કરવામાં આવી હતી. પલકની હલ્દી અને મહેંદી સેરેમની ઈન્દોરમાં થઈ ચૂકી છે. આ સમયે તેનો લુક શાનદાર હતો. ગ્રની કલરના આઉટફિટમાં તે ઘણી સુંદર લાગી રહી હતી. તેના હાથમાં મહેંદી ઘણી શાનદાર લાગી હતી. હલ્દીમાં પણ તેનો લુક ઘણો સ્ટનિંગ હતો. એક્ટ્રેસે ફ્લોરલ જ્વેલરી કેરી કરી હતી. તેણે યલો કલરની સાડી પહેરી હતી. તેનો લુક ઘણો સિમ્પલ હતો. - પ્રિ-વેડિંગ ફંક્શન દરમિયાન તે ટ્રેડિશનલ રાજસ્થાની આઉટફિટમાં જોવા મળી હતી. તેણે ઢોલની ધૂન પર ડાન્સ પણ કર્યો હતો.



પલક તપસ્વી મહેતા સાથે લગ્ન કરી રહી છે. તે પણ એક એક્ટર છે. તે ડિરેક્ટર અને સિનેમેટ્રોગ્રાફર પણ છે. પ્રથમવાર આ કપલની મુલાકાત ઓસ્ટ્રેલિયામાં થઈ હતી.પલક અને તેજસ્વી આમતો એકબીજાને ૮ વર્ષથી ઓળખે છે. બંનેએ ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે પોતાના કરિયરનો પ્રારંભ કર્યો હતો.

૨૬ સીટો જીતવા ભાજપાનો હુંકાર, ૨૦ કરોડ લોકો સુધી પ્રચાર પ્રસારનો લક્ષ્યાંક

અમિત શાહના હસ્તે 'મેરા પરિવાર, ભાજપ પરિવાર' અભિયાનનો પ્રારંભ







કોંગ્રેસ પાસે નીતિ અને નેતા નથી, આઝાદી બાદ ૭૦ વર્ષ સુધી કોંગ્રેસે ગુજરાતને અન્યાય કર્યોઃ અમિત શાહ

અમદાવાદ

ગુજરાતમાં પણ લોકસભાની ચૂંટણીઓની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ભાજપ દ્વારા હાલ માઈક્રો પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે. ત્યારે અમિત શાહ મંગળવારે અમદાવાદમાં 'મેરા પરિવાર, ભાજપા પરિવાર' નામના કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. તેના બાદ પંડિત દિન દયાલ હોલ ખાતે અમિત શાહે ભાજપી કાર્યકર્તાઓને સંબોધ્યા હતા. અમિત શાહે કહ્યું કે, મારો પરિવાર ભાજપ પરિવાર કાર્યક્રમનો આજથી અમે પ્રારંભ કર્યો છે. મારા ઘરે ધ્વજ ફરકાવ્યાના એક કલાક બાદ ૯૨ હજાર લોકોએ ભાજપનો ઝંડો ફરકાવી ટ્વિટ કર્યું છે. આ વખતે ભાજપના કાર્યકર્તાઓના ૫ કરોડ મત અમને મળશે.

તેમણે લોકસભા ચૂંટણી માટે ભાજપના એક્શન પ્લાન તથા વિવિધ પ્રોજેક્ટ્સ વિશેની વાત કાર્યકર્તાઓની કરી હતી. તેમજ તેમનો જુસ્સો વધાર્યો હતો. તેમણે કહ્યું કે, અમે દિવસરાત સંગઠનને મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે. આ બધા કામનું એ જ પરિણામ છે કે ૨૦૧૯માં ફરીથી પીએમ મોદીને લાવીએ. હું કાર્યકર્તાઓને આહવાન કરવા આવ્યો છું. ભાજપના ચાર કાર્યક્રમો થકી કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર બનશે. દરેક રાજ્યમાં વિજય સંકલ્પ રેલી નીકળશે. છાતી ઠોકીને ચૂંટણીના મુદ્દા લઈને જનતાની વચ્ચે જાઓ.

ગઠબંધન વિશે અમિત શાહે કહ્યું કે, ન નેતા છે, ન નીતિ છે. સવાસો કરોડ જનતા જાણવા માગે છે કે તમારો નેતા કોણ છે. સ્પષ્ટ કરો કે કયા નેતા દેશની સરકાર ચલાવશે. કોણ બાગડોર સંભાળશે. ગતિશીલ નેતૃત્વ દેશને મળે છે, તો દેશનું પરિવર્તન થાય છે તે અમે બતાવ્યું છે.

તેમણે કહ્યું કે, ૨૦૧૯નું ઈલેક્શન ભારતને દુનિયામાં મહાસત્તા બનાવવા માટે પ્રયાસ કરીશું. દેશની જનતા નરેન્દ્ર મોદીની સાથે ચટ્ટાનની જેમ ઉભી છે. મોદીજી પ્રત્યે વિશ્વાસ અને પ્રેમ લોકોના આંખોમાં દેખાય છે. ચૂંટણી લડવાની કલા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાને શીખવાડવાની જરૂર નથી. ૨૦૧૪માં ૨૬ સીટ આપણે જીત્યા હતા. ફરીથી ૨૬ સીટ જીતવાની છે. દિલમાંથી ગઠબંધનનો ડર કાઢી નાંખો. કાર્યકર્તાઓ આ મામલે મને સવાલ કરે છે. હું કહું છું કંઈ નહિ થાય. દેવગૌડા ગુજરાતમાં આવે અને મમતા મહારાષ્ટ્રમાં જાય, અખિલેશ કેરળમાં જાય તો કોઈ ફરક નહિ પડે. હું યુપીની સારી રીતે જાણું છું. યુપીની જનતાના મૂડને અને કાર્યકર્તાઓની તાકાતને પણ જાણું છું. ૭૩થી વધીને ૭૪ સીટ થશે, પણ ઓછી નહિ થાય. બંગાળમાં જે રીતે આપણા કાર્યકર્તાઓ પર અત્યાચાર થાય છે, રેલીઓ અને હેલિકોપ્ટર માટે પરમિશન નથી આપતા. હું મમતા દીદીને કહેવા માગું છું કે, દબાવવાથી ભાજપ દબાતુ નથી. પણ વધુ ઉછળીને આવે છે. ભાજપ ૨૩થી વધુ સીટ બંગાળમાં લાવશે. અંતે તેમણે ગુજરાતીમાં કહ્યું કે, ગુજરાતીઓને હું બે વાત કહેવા માગુ છું. ગુજરાતે આઝાદીની લડાઈમાં મહાત્મા ગાંધીજી, ક.મા. મુનશી, સરદાર પટેલે ભાગ લીધો,. આઝાદી બાદ ૭૦ વર્ષ સુધી કોંગ્રેસે ગુજરાતને અન્યાય કર્યો હતો. મોરારજી દેસાઈ, સરદાર પટેલ અને મોદીજીને કેન્દ્રમાં અન્યાય થયો હતો. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ ગુજરાતને અન્યાયનો દોર સમાપ્ત થયો છે. હું ગુજરાતની જનતાને અપીલ કરું છું કે, મોદીજીની ફરીથી પીએમ બનાવે.

આ કાર્યક્રમ અંતર્ગત અમિત શાહે સોથી પહેલા તો પોતાના નિવાસસ્થાને ધ્વજ ફરકાવ્યો હતો. આ સમયે ભાજપનાં કાર્યકરો અને હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમોની વચ્ચે ભાજપનો ધ્વજ ફરકાવાયો હતો. જેમાં અમિત શાહ ઉપરાંત ઓમ માથુર, જીતુ વાઘાણી અને અન્ય નેતાઓ હાજર રહ્યા.

અક્ષય પાત્રના ૩ અબજમી ભોજન થાળી પીરસવામાં મોદીએ સેવા આપી

વૃંદાવનમાં આયોજિત કાર્યક્રમમાં અનેક મહાનુભાવો હાજર રહ્યા

સુરત

ભારતના માનનિય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અક્ષય પાત્ર ફાઉન્ડેશન્સ દ્વારા ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ વૃંદાવન, મથુરાના કેમ્પસ ખાતે આયોજિત કુલ ૩ અબજમી ભોજન સેવા આપી હતી.

વડાપ્રધાનની સાથે, ઉત્તર પ્રદેશના માનનિય મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ તથા માનનિય કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવેડકર પણ જોડાયા હતા.

આ પ્રસંગમાં ઉત્તર પ્રદેશના જાણિતા રાજકીય ચહેરાઓ જેવા કે, શ્રી શ્રીકાંત શર્મા, ઉત્તર પ્રદેશ સરકારના માનનિય ઉર્જા મંત્રી શ્રી લક્ષ્મી નારાયણ ચૌધરી, માનનિય મંત્રી- ડેરી વિકાસ પ્રાંતિય બાબત, સંસ્કૃતિ, લઘુમતિ કલ્યાણ, મુસ્લિમ વક્ફ અને હજ, ઉત્તર પ્રદેશ સરકાર તથા શ્રીમતિ અનુપમા જયસ્વાલ, માનનિય રાજય મંત્રી- પ્રાથમિક શિક્ષણ, બાળક વિકાસ અને પોષણ, આવક તથા નાણાકિય બાબતનો સમાવેશ થાય છે.

અન્ય મહાનુભાવો જેમને આ ઈવેન્ટમાં હાજરી આપી હતી તેમાં શ્રીમતિ હેમા માલિની, એમપી- મથુરા, શ્રી કારિન્દા સિંઘ, એમએલએ- ગોવર્ધન, શ્રી શ્યામ સુંદર શર્મા, એમએલએ- મંત, શ્રી પૂરણ પ્રકાશ, એમએલએ- બલદેવ શ્રી મુકેશ આર્યા બંધુ, મેયર- મથુરા- વૃંદાવન નગર નિગમનો સમાવેશ થાય છે.

શ્રી મધુ પંડિત દાસા- ચેરમેન, અક્ષય પાત્ર ફાઉન્ડેશ; શ્રી ચંચલાપતી દાસા- વાઈસ-ચેરમેન, શ્રી મોહનદાસ પાઈ- સ્વતંત્ર ટ્રસ્ટી, અન્ય ટ્રસ્ટીઓ, અલગ-અલગ પ્રાંતના અધ્યક્ષ અને શ્રી શ્રીધર વેન્કટ, ફાઉન્ડેશનના સીઈઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

કાલીબેલમાં આહવા કોલેજનો વાર્ષિક શ્રમ શિબિર યોજાયો

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલી સરકારી વિનિયન અને વાણિજય કોલેજનો વાર્ષિક શ્રમ સંસ્કાર શિબિર તાજેતરમાં જિલ્લાના કાલીબેલ ખાતે યોજાઈ ગયો. દરમિયાન એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા પ્રોગ્રામ ઓફિસરશ્રી ડો.એન.એમ. મહાકાળના માર્ગદર્શન હેઠળ ગ્રામ સફાઇ સહિત ગામ સર્વે, આરોગ્ય જાગૃતિ, મતદાર જાગૃતિ, જનજાગૃતિ માટે પ્રભાત ફેરી, યોગા, વ્યાખ્યાન સહિત ટ્રેકિંગ, સાંસ્કૃતિક કાર્યક્રમો, બાળ સુરક્ષાને લગતા કાર્યક્રમો વિગેરેનુ આયોજન કરીને, જનજાગૃતિ જગાવવામાં આવી હતી.

કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં ડાંગ સ્વરાજ આશ્રમના શ્રી ગાંડાભાઈ પટેલ, વનરાજભાઈ, સહિત કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ.હેતલ રાઉત, ભૂતપુર્વ આચાર્યશ્રી ડૉ.કે.એ .ભોયે, આશ્રમ શાળાના આચાર્ય શ્રી રમેશભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સમાપન સમારોહમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એન.એસ.એસ. કો ઓર્ડિનેટર ડૉ.ભરત ઠાકોર તેમજ સિન્ડિકેટ સભ્ય શ્રી મહિડા વિગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી એન.એસ.એસ. સ્વયંસેવકોને રાષ્ટ્રભાવના સહિત સામાજિક જવાબદારી વિશે વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. કેમ્પ દરમિયાન એન.એસ.એસ.ના પૂર્વ પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડી.એમ.ગાવિત તથા પ્રાધ્યાપિકા ડૉ.નિરૂપા બોરીસાણીયા વિગેરેએ પણ ઉપસ્થિત રહી સ્વયંસેવકોને પ્રોત્સાહિત કર્યા હતા.

માર્ગ સલામતીની થીમ પર તા.૧૭'મીએ બારડોલીમાં હાફ મેરેથોન દોડ યોજાશે

સુરત

તા.૧૭મીએ બારડોલીમાં 'રન ફોર સેફ લાઈફ'ની થીમ પર માર્ગ સલામતી અને અકસ્માતો નિવારવાના ધ્યેય સાથે હાફ મેરેથોન દોડ યોજાશે. જેમાં રાજયના વન અને આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા અને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર ઉપસ્થિત રહી દોડવીરોને પ્રોત્સાહિત કરશે. સુરત ગ્રામ્ય પોલિસ દ્વારા ગ્રામ્ય જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટના નેજા હેઠળ આયોજિત આ હાફ મેરેથોન દોડ દ્વારા ટ્રાફિક નિયમ જાગૃત્તિ અને રોડ અકસ્માતો અટકાવવા અંગે લોકોને જાગૃત્ત કરાશે.

વર્તમાન સમયમાં વધતી જતી માનવવસ્તી અને રસ્તાઓ ઉપર વધી ગયેલી ટ્રાફિકની સમસ્યાઓના કારણે પ્રતિદિન માનવજીવનમાં મુશ્કેલીમાં વધારો થતો રહ્યો છે. ટ્રાફિક સમસ્યા વિશ્વમાં તમામને સ્પર્શે છે. સુરત જિલ્લા વિસ્તારમાં મહારાષ્ટ્ર રાજયને જોડતા સ્ટેટ હાઈવે ગુજરાતનો સૌથી વ્યસ્ત હાઈવે છે. જેમાં અંદાજે એક મિનિટમાં ઓછામાં ઓછા ૭૦ થી ૮૦ વાહનો પસાર થાય છે. જેથી સુરત રૂરલ વિસ્તારમાં પણ ટ્રાફિકની સમસ્યા ખુબ વધી છે. ટ્રાફિકના નિયમોનું પાલન ન કરવાના લીધે હાઈવે પર ૪૮૮ અકસ્માત અને નેશનલ હાઈવે ઉપર ૬૯૦ અકસ્માતો થયા છે.

ટ્રાફિકનું નિયમન ટ્રાફિક પોલીસ ટ્રાફિક બ્રિગેડના માધ્યમથી થાય છે. જેમાં ટ્રાફિક બ્રિગેડ એ ટ્રાફિક પોલીસ સાથે રહીને ટ્રાફિક નિયમન કરે છે. જેથી ટ્રાફિકના નિયમો બાબતે પ્રજાજનોમાં જાગૃતિ ફેલાય તે હેતુસર સુરત ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એ.એમ.મુનિયા દ્વારા પોલીસ મહાનિરીક્ષક, (સુરત વિભાગ) ડૉ.રાજકુમાર પાંડીયનના માર્ગદર્શન હેઠળ તા.૧૭ મી ફેબ્રુઆરીના રોજ સવારે ૦૬.૦૦ વાગ્યે બારડોલી ખાતે હાફ મેરેથોન દોડ યોજાશે.

આ હાફ મેરેથોન દોડમાં ૦૫ કિ.મી., ૧૦ કી. કિ.મી, અને ૨૧ કિ.મી.એમ કુલ ત્રણ કેટેગરી રાખવામાં આવી છે. બારડોલીના સરદાર પટેલ સ્વરાજ આશ્રમથી શરૂ થનાર હાફ મેરેથોન દોડના રૂટમાં બારડોલી ટાઉન અને બારડોલી સીટીની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારનો પણ સમાવેશ કરાયો છે. આ દોડનો બીજો મહત્વનો હેતુ સુરત જિલ્લામાં "સુરત ગ્રામ્ય જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ×ને જમા કરવામાં આવશે. જેથી આ ટ્રસ્ટ દ્વારા આવનારા દિવસોમાં ટ્રાફિક બ્રિગેડના જવાનોની ભરતી અને પગાર થઈ શકે અને જિલ્લાના વિવિધ સ્થળોએ ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ થઈ શકે તેમજ ટ્રાફિક નિયમનને લગતી આધુનિક સામગ્રીનો ઉપયોગ કરી શકાય તે મુખ્ય આશય છે. હાફ મેરેથોન દોડમાં ભાગ લેવા જિલ્લાના તમામ નાગરિકો ભાગ લેવા અનુરોધ કરાયો છે. દોડની તમામ માહિતી અને રજિસ્ટ્રેશન માટે www.bardolimarathon.com વેબસાઈટ પર વિઝીટ કરવા જણાવાયું છે.







સ્વાઈન ફ્લૂનાં વધુ ૯૧ કેસ નોંધાયા, ૩૫ હજાર આરોગ્યકર્મી ૧૫મીથી હડતાલ પર

અમદાવાદ

રાજ્યમાં સ્વાઈન ફ્લૂના વધુ ૯૧ કેસ નોંધાયા છે. સ્વાઈન ફ્લૂથી અત્યાર સુધીમાં ૫૮નાં મોત થયા છે. ચાલુ વર્ષે રાજ્યમાં ૧૪૩૧ પોઝિટીવ કેસ નોંધાયા હતા. હાલમાં સ્વાઈન ફ્લૂના ૫૬૭ દર્દી સારવાર હેઠળ છે. અમદાવાદમાં ૩૫ અને વડોદરામાં ૨૨ કેસ નોંધાયા છે. ભાવનગર, આણંદમાં ૪ કેસ નોંધાયા છે. સુરતમાં ચાલુ વર્ષે સ્વાઈન ફ્લૂના ૪૩ કેસ નોંધાયા હતા. હાલમાં સ્વાઈન ફ્લૂના ૧૫ દર્દીઓ સારવાર હેઠળ છે. જેમાં બે વેન્ટિલેટર પર, ૫ દર્દી ઓક્સિજન પર સારવાર હેઠળ છે.

સુરતમાં ચાલુ વર્ષે સ્વાઈન ફ્લૂના ૪૩ કેસ નોંધાયા હતા. હાલમાં સ્વાઈન ફ્લૂના ૧૫ દર્દીઓ સારવાર હેઠળ છે. બે વેન્ટિલેટર પર,૫ દર્દી ઓક્સિજન પર સારવાર હેઠળ. ગત રોજ ઈસ્ટ ઝોનમાં આવેલા અશ્વિની કુમાર રોડ પર રેહતા ૬૩ વર્ષય વૃદ્ધ નો સ્વાઈન ફ્લૂ રિપોર્ટ પોજીટિવ આવ્યો. વર્ષ ૨૦૧૯માં સુરત શહેરમાં એક પણ દર્દીનું મોત નોંધાયું નથી. સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૯માં અત્યાર સુધીમાં ત્રણ સ્વાઈન ફ્લૂના કેસ સામે આવ્યા છે.

આણંદમાં સ્વાઈન ફ્લૂથી વૃદ્ધનું મોત થયુ હતુ. ૭૩ વર્ષીય વૃદ્ધનું સારવાર દરમિયાન મોત થયુ હતુ. આણંદમાં સ્વાઈન ફ્લૂથી કુલ ૩નાં મોત થયા છે. ૨૪ લોકોના સ્વાઈન ફ્લૂ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મોટા ભાગે શિયાળામાં આ રોગ વકરતો હોય છે હાલ જ્યાં જૂઓ ત્યાં સ્વાઈન ફ્લૂનો કહેર દેખાઈ રહ્યો છે. આ રોગ ચેપી રોગ હોવાથી તેમાં સાવધાની એ જ શ્રેષ્ઠ ઉપાય છે.

સ્વાઈન ફ્લૂને લઈને કોંગ્રેસ દ્વારા ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. મવડી વિસ્તારમાં વિશ્વેશ્વર મહાદેવ મંદિરે કાર્યક્રમ યોજાયો હતો. વોર્ડ નં.૧૨-૧૩ના કોર્પોરેટર દ્વારા ઉકાળા અને માસ્કનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

આરોગ્યકર્મીઓના પડતર પ્રશ્નોની માંગ ઉકેલ આવતો ન હોવાથી ૩૫ હજાર કર્મચારીઓ ૧૫મી ફેબ્રુઆરીથી સરકાર સામે હડતાલ કરશે અને માસ સીએલ મુકી કામથી અડગા રહેશે. હડતાલના કારણે ૧૩૧૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૧૩૨૭૯ પેટા આરોગ્ય કેન્દ્ર પર તમામ પ્રકારની ટ્રિટમેન્ટ ખોરવાઈ જશે. આરોગ્ય કર્મચારીઓની માંગ છે કે પંચાયત સેવાના આરોગ્ય કર્મચારીઓને ટેકનીક કર્મચારી ગણી પગાર ધોરણ અપગ્રેડ કરવો, રાજ્ય સેવાની જેમ ત્રિસ્તરીય માળખાનો પંચાયત સેવામાં અમલ કરવો, નવા મંજુર થયેલાં મહેકમને મંજૂર કરી જગ્યાઓ ભરવી, તાલુકા અને જિલ્લા કક્ષાએ સુપરવાઈઝરની જગ્યાઓ અપગ્રેડ કરવી.

સુબીરમાં સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન

તમામ પ્રકારના રોગની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર

આહવા

ડાંગ જિલ્લાના નવરચિત સુબિર તાલુકા મથકે આગામી તા.૧૩/૨/૨૦૧૯નાં રોજ વિનામૂલ્યે સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ આયોજિત કરાયો છે.

આયુષ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર પ્રેરીત તથા ડાંગ જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા અને સરકારી આયુર્વેદ હોસ્પિટલ-આહવાના સંયુક્ત ઉપક્રમે સવાર ૯ થી બપોરના ૩ વાગ્યા સુધી આયોજિત આ સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ દરમિયાન તમામ પ્રકારના રોગો જેવા કે સંધીવાત, આમવાત, એસિડિટી, કબજિયાત, ચામડીના રોગો, ડાયાબિટીસ, ટી.બી., બ્લડ પ્રેશર, કમળો, પેરાલીસીસ, જલોદર, હરસ, મસા, ભગંદર, તાવ, શરદી, ખાંસી, લોહીની ઉણપ વિગેરે રોગોની આયુર્વેદ પદ્ધતિથી નિદાન અને સારવાર આપવામાં આવશે. કેમ્પમાં આયુર્વેદ તજજ્ઞ ડૉ.દિવ્યેશ ભોયે તથા ડૉ.હેતલ ગામીતની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આયુર્વેદ નિદાન અને સારવાર માટે આ કેમ્પ ઉપરાંત આહવા ખાતે કાર્યરત ૨૦ બેડની સુવિધા સાથેની સરકારી આયુર્વેદ હોસ્પિટલ તથા પાંડવા, ચિંચલી, ગલકુંડ, માનમોડી, બરડીપાડા અને રંભાસ ખાતે કાર્યરત આયુર્વેદ દવાખાનાઓનો પણ જરૂરિયાતમંદ દર્દીઓ લાભ લઈ શકે છે, તેમ આયોજકો દ્વારા જણાવાયું છે.

માંડવીમાં કૃષિ મેળો અને કૃષિ પ્રદર્શન યોજાશે

સુરત

ખેડૂતભાઈઓને કૃષિક્ષેત્રે નવીનતમ સંશોધનો અને હાઈટેક એગ્રીકલ્ચરની અદ્યતન અને ઉપયોગી જાણકારી મળી રહે તેવા આશયથી "આત્મા' પ્રોજેક્ટ-એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી બારડોલી તથા ખેડુત તાલીમ કેન્દ્ર, બારડોલીના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૧૫મીએ સવારે ૧૦.૩૦ વાગ્યે માંડવી નગરપાલિકાના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે વન અને આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના અધ્યક્ષસ્થાને કૃષિ મેળો અને પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

માંડવીના નગરપાલિકા ક્રિકેટ ગ્રાઉન્ડ, કોલેજ રોડ ખાતે આયોજિત આ કૃષિમેળામાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ પ્રીતિબેન પટેલ, સાંસદશ્રી પરભુભાઈ વસાવા, ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયા, શ્રી મુકેશભાઈ પટેલ, જિલ્લા કલેકટર શ્રી ડૉ. ધવલ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી શ્રી એચ. કે. કોયા ઉપસ્થિત રહેશે. આધુનિક ખેતી અને કૃષિ ટેકનોલોજીથી માહિતગાર થવા માટે કૃષિમેળાનો લાભ લેવા સુરત જિલ્લાના ખેડૂતમિત્રોને જિલ્લા પંચાયત દ્વારા નિમંત્રણ પાઠવાયું છે.

લગ્ન પ્રસંગે વરરાજાએ કર્યું હવામાં ફાયરિંગ



સુરત

હાલ લગ્નની સિઝન પુરબહારમાં ચાલી રહી છે ત્યારે એવા એવા કેટલાક કિસ્સાઓ સામે આવે છે જે આપણા સૌનું ધ્યાન ખેચે છે. લગ્ન પ્રસંગ હોય એટલે સ્વાભાવિક છે કે ઉત્સાહ અને આનંદ હોય પણ આ ઉત્સાહના અતિરેકમાં આપણે ક્યારેક એવી ગંભીર ભૂલો કરી બેસીએ છીએ કે જેનાથી આખી જિંદગી માત્ર પસ્તાવો રહે છે.

હાલમાં જ દ્વારકા અને સુરતમાં લગ્ન પ્રસંગે હવામાં ફાયરિંગની ઘટનાઓ બની હતી. ક્યારેક જોશ કે અતિઉત્સાહમાં આવીને કરવામાં આવતા કામોને કારણે ખુશીનો પ્રસંગને દુઃખ બદલાઈ જતો હોય છે. દ્વારકાના કલ્યાણપુર ગામ ખાતે એક લગ્ન પ્રસંગે ઉંમગમાં આવીને કરવામાં આવેલા ફાયરિંગમાં એક મહિલાનું મોત થયું હતુ.

તો સુરત શહેરમાં પણ લગ્નનાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હોવાની માહિતી મળી છે. કલ્યાણપુર ખાતે જાનના આગમન વખતે એક વ્યક્તિએ ફાયરિંગ કર્યું હતું. આ સમયે જાનમાં હાજર એક મહિલાને છરા વાગી જતાં તેનું મોત થયું હતું. આ બનાવ ગત રવિવારે બન્યો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

સુરતમાં એક લગ્ન પ્રસંગે હવામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ થયું હોવાનું સામે આવ્યું છે. આ અંગેનો વીડિયો વાયરલ થયો છે. વાયરલ થયેલા વીડિયોમાં વરરાજાના પિતા તેમજ વરરાજા પોતે પણ હવામાં રિવોલ્વરથી ફાયરિંગ કરતા નજરે પડી રહ્યા છે. લગ્નમાં હાજર એક મહિલાએ પણ પોતાના હાથમાં રિવોલ્વર પકડી રાખી હોવાનું માલુમ પડી રહ્યું છે. ફાયરિંગ કરનાર વરરાજા ભાજપી નેતા અને સુરત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખનો પુત્ર નીકળ્યો.

લગ્નમાં ફાયરિંગ સુરતનો આ વીડિયો જિલ્લાના પાલી ગામનો હોવાનું કહેવામાં આવી રહ્યું છે. હવામાં ફાયરિંગ કરનાર વ્યક્તિ હિતેન્દ્ર વાસીયા હોવાનું માલુમ પડ્યું છે. તેઓ જિલ્લા કારોબારીના પૂર્વ સભ્ય હોવાની માહિતી મળી છે.

ફાયરિંગ કરનાર વરરાજા ભાજપી નેતા અને સુરત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખનો પુત્ર













વલસાડ ખાતે સ્વચ્છ શક્તિ દિનની જિલ્લા કક્ષાની ઉજવણી કરાઈ



સ્વચ્છતા ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર મહિલાઓનું સન્માન કરાયું

વલસાડ

વલસાડ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા જિલ્લા પંચાયતના રાજીવગાંધી હોલ ખાતે સ્વચ્છ શક્તિ-૨૦૧૯ અંતર્ગત સ્વચ્છ શક્તિદિનની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી દરમિયાન સ્વચ્છતા માટે ઉત્કૃષ્ઠ કામગીરી કરનારી મહિલાનોને સાલ ઓઢાડી તેમજ મેડલ આપી સન્માનિત કરવામાં આવી હતી. આ મહિલાઓએ તેમના ગામમાં સ્વચ્છતા જાગૃતિ અંગે કરેલી કામગીરીની વિસ્તૃત સમજણ આપી હતી.

આ અવસરે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બી.કે.વસાવાએ સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, સ્વચ્છતા જાળવણી માટે મહિલાનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. ઘર અને ગામને સ્વચ્છ બનાવવાના ધ્યેય સાથે આગળ વધી સૌ સાથે ચાલીશું તો જ સમગ્ર દેશને સ્વચ્છ બનાવી મહાત્મા ગાંધીના સ્વપ્નને સાકાર કરી શકીશું. તેમણે જણાવ્યું હતું કે, ઘર અને ગામમાં ગંદકી દૂર થવાથી બીમારીનું પ્રમાણ ઓછું થશે અને સ્વાસ્થ્ય પણ જળવાઇ રહેશે. શૌચાલય બનાવી તેનો લોકો ઉપયોગ કરતા થાય તે માટે જાગૃતિ કેળવવા માટે સૌના સહયોગની અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

ડુંગરીના પૂર્વ સરપંચ પ્રવિણાબેને સ્વચ્છતાની શરુઆત આપણા ઘરેથી કરી ગામમાં સ્વચ્છતા જાળવવામાં પોતાનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. ગામને ચોખ્ખું રાખવા સ્વચ્છતાના સંશાધનો ઊભા કરવાને પ્રાથમિકતા આપવા પણ તેમણે જણાવ્યું હતું.

તાલુકા પંચાયત પ્રમુખ પ્રિયંકાબેને સ્વચ્છતાની ઉપયોગીતા સમજાવી બાળકોને નાનપણથી જ સ્વચ્છતાની આદત પાડવા જણાવ્યું હતું. પશ્ચિમી સંસ્કૃતિ મુજબ કપડાં તેમજ અન્ય ચીજ વસ્તુઓનું અનુકરણ કરનારાઓ ત્યાંની સ્વચ્છતા જાળવણીનું પણ અનુકરણ કરે તે જરૂરી હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું.

નાનાવાઘછીપા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષિકા વનિતાબેન પટેલે ગામમાં સ્વચ્છતા જળવાઇ રહે તે માટે શાળાના બાળકોને તેમના ઘરેથી શાળાએ આવતાં જે સૂકો કચરો દેખાય તે શાળામાં લઇ આવવા અને તેને અલગ-અલગ કચરાપેટીમાં મૂકવા માટે કરેલા પ્રયાસ અંગે સવિસ્તર જાણકારી આપી હતી. તેમણે જિલ્લાની દરેક શાળાના બાળકોને કચરાના યોગ્ય નિકાલ બાબતે પૂરતું માર્ગદર્શન આપવા અનુરોધ કર્યો હતો.

સ્વચ્છતા જાગૃતિ માટે સન્માનિત કરાયેલી મહિલાઓમાં ભાંભાના સરપંચ ચંચળબેન પટેલ, નારગોલ ગ્રા.પં. સભ્ય નિલમબેન બારીયા, ગ્રામ સખીસંઘ માંડવાના કમળાબેન બહિલમા, દાંડીના સ્વચ્છાગ્રહી અંબાબેન પટેલ, તાલુકા પંચાયત સદસ્ય પ્રવિણાબેન, નાનાવાઘછીપા પ્રા.શાળાના આચાર્યા વનિતાબેન પટેલ તેમજ કરાયાના સરપંચ શીતલબેન પટેલનો સમાવેશ થાય છે. વલસાડ જિલ્લાના તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ પણ સ્વચ્છ શક્તિ દિનની ઉજવણી અંતર્ગત રેલી, સેમિનાર સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. અ.મ.ઈ. વી.સી.પટેલે સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે પ્રોબેશનલ ડેપ્યુટી કલેક્ટર દષ્ટિબેન શુક્લ, એસ.બી.એમ. અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સ્ટાફ, વિવિધ ગામોમાંથી મહિલાઓ હાજર રહી હતી.

અલ્પેશ કથીરિયાની રીવીઝન અરજી પર હાઈકોર્ટમાં દલીલ શરૂ કરાઈ

સુરત

અમરોલી પોલીસ મથકના રાજદ્રોહના ગુનામાં જામીન મુક્ત થયા બાદ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ ભંગ કરતા ડીસીબીએ રજૂ કરેલી જામીન અરજી રદ કરવાની અરજી અદાલતે મંજૂર રાખી હતી અને અલ્પેશ કથીરિયાના રેગ્યુલર જામીન રદ કરતો હુકમ કર્યો હતો. આ સામે અલ્પેશ કથીરિયાના હાઈખોર્ટના એડવોકેટ રફીક લોખંડવાળાએ ગુજરાત હાઈકોર્ટમાં એક રીવીઝન અરજી કરી હતી. જેની સુનાવણી બપોર પછી હાથ ધરાશે એવુ બચાવ પક્ષના એડવોકેટ યશવંતસિંહ વાળાએ જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે, અમરોલી પોલીસ મથકમાં પાટીદાર આંદોલન દરમ્યાન હાર્દિક પટેલ સહિત અલ્પેશ કથીરિયા સામે રાજદ્રોહનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ડીસીબી પીઆઈએ આરોપી અલ્પેશ કથીરિયાની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. આ ગુનામાં તેને સુરત કોર્ટ જામીન મુક્ત કર્યા બાદ સરથાણા વરાછા વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિનો ભંગ કરતા ડીસીબી દ્વારા તેના જામીન રદ કરવા માટેની ચેક અરજી કરી હતી. જે અરજી મંજુર કરી અદાલતે તેના રેગ્યુલર જમીન રદ કરતો હુકમ કર્યો હતો. જેની સામે અલ્પેશના એડવોકેટ દ્વારા એક રીવીઝન અરજી હાઈકોર્ટમાં કરી હતી. સુનાવણી બપોર પછી હાથ ધરાશે.

દિગમ્બર જૈન મુનિ કેસમાં તા.૨૫'મીએ ચાર્જફ્રેમ કરાશે

સુરત

નાનપુરા ટીમલીયાવાડ ખાતે આવેલા દિગમ્બર જૈન ઉપાશ્રય ખાતે દિગમ્બર જૈન મુનિ અને આરોપી શાંતિ સાગર મહારાજ દ્વારા વડોદરાની એક યુવતી સાથે બળાત્કાર ગુજારવાના એક કિસ્સામાં આરોપી સામે ૨૫મી ફેબ્રુઆરીએ તહોમતનામું ફટકારવામાં આવી શકે છે એવું પીડિતાના એડવોકેટ મુખત્યાર શેખ અને યાહયા શેખે જણાવ્યું હતું. જોકે, કોર્ટની મુદત પર આરોપી શાંતિ સાગરને કોર્ટ સમક્ષ હાજર રાખવામાં આવ્યા હતા. આરોપી છેલ્લા ૧૫ મહિનાથી લાજપોર જેલમાં હોવાનું બચાવ પક્ષના એડવોકેટ કલ્પેશ દેસાઈ, પ્રજ્ઞેશ સરવૈયા, વિરલ ચલીયાવાળાએ જણાવ્યું હતું. આ કેસની ટુંકી વિગત એવી છે કે, દિવાળીના દિવસો દરમ્યાન નાનપુરા ટીમલીયાવાડ ખાતે આવેલા ૧૦૮ દિગમ્બર જૈન ઉપાશ્રય સંઘ વડોદરા ખાતે રહેતી અને અમદાવાદ ખાતે ફેશનીંગ ડીઝાઈની કોલેજ ખાતે અભ્યાસ કરતી એક યુવતી સાથે બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. અઠવા પોલીસ મથકે બળાત્કારની ફરિયાદ દાખલ કરવામાં આવતા પોલીસે આરોપી શાંતિ સાગર મહારાજની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યા હતા. આરોપી સામે ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. હાલમાં ચાર્જફ્રેમનો તબક્કો છે.

વેસુ રત્નભૂમિ પાર્ટી પ્લોટ પર સૂર્યનારાયણ ભગવાનની કથા

સુરત

કથાકાર દિપક કુમાર પ્રભાશંકર ભટ્ટ સૂર્ય નારાયણ ભગવાનની કથા સંગીતમય મધુર કંઠે શ્રવણ કરવા માટે પધારેલાને શ્રવણ કરાવશે. મહા સુદ બારસને રવિવાર તા.૧૭મી ફેબ્રુઆરીના રોજ સવારના ૯.૩૦ કલાકે કથાનું સ્થળ વેસુમાં રત્નભૂમિ પાર્ટીપ્લોટ દક્ષિણ ગુજરાત યુનીવર્સિટી સાંઈનાથ સોસાયટીના વિશાલ પટાંગણ મેદાનમાં પોથીયાત્રા ન્યુસીટીલાઈટ ચાઈના ગેટમાના જનકભાઈ તથા દિપીકાબેન જરીવાળાના નિવાસ સ્થાનેથી સવારે તા.૭.૩૦ કલાકે કથા સંભળાવશે.



મહાવીર ટેક્સટાઈલ માર્કેટના ગેટ પાસે સિક્યુરિટી ગાર્ડનું શંકાસ્પદ મોત

કાન અને મોઢામાંથી લોહી નીકળતું હતું : મોબાઈલ ગુમ

સુરત

આજે સવારે રીંગરોડ મહાવીર માર્કેટના ગેટ પાસેથી સિક્યુરિટી ગાર્ડ મૃત હાલતમાં મળી આવતા સલાબતપુરા પોલીસ અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૃતકના કાન અને મોઢામાંથી લોહી નીકળતા અને મોબાઈલ ગુમ હોવાથી લૂંટના ઈરાદે હત્યા થઈ હોવાની આશંકા સેવા રહી છે.

સલાબતપુરા પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ આજે સવારે રીંગરોડ મહાવીર માર્કેટ પાસે હનુમાન મંદિરની સામેથી સિક્યુરિટી ગાર્ડ મૃત હાલતમાંમળી આવતા પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની જાણ થતા સલાબતપુરા ડી સ્ટાફના પીએસઆઈ કુશવાહ સ્થળ ઉપર જઈ લાશનું પંચનામું કર્યું હતું. મૃતક રામઉજાગર ચંદ્રપાલ તિવારી ઉ.વ. ૫૫ રહે. રાધાકૃષ્ણ સોસાયટી, આશીર્વાદ, ટાઉનશિપ પાસે ૧૨૦ ફૂટ રોડ બમરોલી ૫ સંતાનનો પિતા છે અને છેલ્લા ૭-૮ મહિનાથી સિક્યુરિટી એજન્સીમાં કામ કરે છે. છેલ્લા બે- ત્રણ દિવસથી સિક્યુરિટી એજન્સી દ્વારા રામઉજાગરને મહાવીર માર્કેટ પાસેની ડ્યુટી સોંપવામાં આવી હતી. રામઉજાગરના મોતનું સાચુ કારણ પોસ્ટ મોર્ટમ બાદ જાણવા મળશે. હાલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. રામઉજાગરના કાન અને મોઢામાંથી લોહી નીકળ્યું હોવાથી તેમજ મોબાઈલ ફોન ગુમ હોવાથી લૂંટના ઈરાદે તેની હત્યા થઈ હોવાની આશંકા સેવાઈ રહી છે.

ફોરેવરમાર્ક ડાયમન્ડ જ્વેલરીનો ચળકાટ હોલિવુડમાં છવાયો



દુનિયાના સૌથી મહત્વના રેડકાર્પેટ માટે ફોરેવરમાર્ક ડાયમન્ડ હમેશા સેલીબ્રીટીને ચમકાવે છે. આ વર્ષે બીઆર ડીઝાઇન એ ૯૧ માં વાર્ષિક એકેડમી એવોર્ડ માટે ખાસ જવેલરી ડીઝાઈન કરી છે. હોલિવુડની અગ્રણી મહિલાઓની શકિત અને ક્ષમતાથી પ્રેરીત, આ જવેલરી ડીઝાઇન લોસ એન્જલસમાં ફોરેવર ઓસ્કર સુટ માં ખાનગી માં ડીસપ્લે અને સિલેકશન થશે જેમા ફિલ્મના સૌથી મોટા એવોર્ડ સેરીમની માટે હાજર રહેલા સેલીબ્રીટી સ્ટાઈલિસ્ટ અને ટોપ ફેશન મિડીયા ની હાજરી હશે .

બીઆર ડીઝાઇન દ્વારા વ્હાઇટ અને યલ્લો ગોલ્ડમાં સ્ટનીંગ ઇયરીંગ્સ તૈયાર કરાયેલ છે. આ ઝીણવટભરી માં ડીઝાઇન કરાયેલ જોડીમાં ખીલતા ફુલ છે જે ઝીણી જાળીના ડાયમન્ડ બેલ થી જોડાયેલ છે. જાળીના બેઝ માં, ડાળીઓ અને ચમકતા ફુલો છે. ફોરેવરમાર્કના ચિફ માર્કેટીંગ ઓફીસર કોસ્ટેન્ટીનો પાપાદીમીટ્રીઉ એ જણાવ્યુ કે , આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ તરીકે અમે માનીએ છીએ કે ફોરેવરમાર્ક ડાયમન્ડ રેડ કાર્પેટ પર માત્ર ડાયમન્ડ પહેરવાથી વિશેષ છે. દરેક ફોરેવરમાર્ક ડાયમન્ડ અમારા પુર્ણતાના મુલ્યો, પર્યાવારણના મુલ્યો, અને સ્ત્રીઓ માટેની તકો દર્શાવે છે. અમારા મુલ્યો ધરાવે છે તેવા પાટર્નર સાથે કામ કરતા અમે ખુશ છીએ. ફોરેવરમાર્કના પ્રેસિડન્ટ સચીન જૈન એ જણાવ્યુ કે ફોરેવરમાર્ક ખાતે અમને અમારા ઇન્ડિયન રિટેલ પાર્ટનર ની જવેલરી એકેડમી એવોર્ડમા શોકેઝ થાય તેની ખુશી છે.







નર્મદા જિલ્લામાં ઠેર ઠેર ભાવિક ભક્તો દ્વારા નર્મદા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.ત્યારે રાષ્ટ્રીય આદિજાતિ આયોગ દિલ્હીના સદસ્ય હર્ષદ વસાવા દ્વારા પણ નાંદોદ તાલુકાના નાવરા ગામે દર વર્ષની જેમ આ વર્ષે નર્મદા જયંતીની ઉજવણી કરવામાં આવી હતી,જેમાં મોટી સંખ્યામાં આસપાસના ગ્રામજનો અને ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા.આ ઉજવણી દરમિયાન નવરા ગામમાં ભાવિક ભક્તોએ નૃત્ય સાથે એક રેલીનું પણ આયોજન કર્યું હતું.

નર્મદા નદીને વહેતી કરવા માટે ઉગ્ર આંદોલનની જરૂર : વિકાસની આડમાં સરકાર સંસ્કૃતિ વેચી રહી છે : સદાનંદ મહારાજ

નર્મદા બચાવવા સાધુસંતો અને ભક્તોની આજે રાજપીપળા ખાતે રેલી સફળ : ભાજપના નેતાઓ પણ જોડાયા પણ સરકાર ટસની મસ નહિ





રાજપીપળા : નર્મદા જયંતિના દિને ઠેર ઠેર નર્મદા ઘાટો પર નર્મદા જયંતિની ઉજવણી કરવામાં આવે છે અને એક ઉત્સવ ની જેમ આ કાર્યક્રમ યોજાતો હોય છે પરંતુ આ વર્ષે નર્મદામાં બિલકુલ પાણી ના હોય પાણીની અછત વચ્ચે ભક્તો અને સાધુ સંતોએ માતાની પૂજા કરવાનો વારો આવ્યો છે ત્યારે એક સાધુ એ નર્મદાની આ દશા જોઈ સરકારને ઢંઢોળવા એક વિશાળ રેલીનું આયોજન કર્યું, જેમાં સ્વયંભૂ લોકો જોડાયા કેમ કે પાણી સંગ્રહ કરવા કરતા પાણીને વહેતુ રાખવા માંગ કરી હતી.

નર્મદા જયંતિના દિવસે માંગરોલના ધનેશ્વર મંદિરના સંત સદાનંદ મહારાજ દ્વારા નર્મદા બચાવ રેલીનું આયોજન કરાવવામાં આવ્યું મને પહેલા શાળાઓમાં જઈને બાળકોને પાણીનું મહત્વ,જરુરીયાત અને ઉત્પત્તિ તમામ બાબતો સમજાવી બાદમાં ધર્મિક લાગણી ની સાથે જોડાયેલી છે એવી માં નર્મદા ને ખડખડ વહેડાવવા બાબતે પણ સમજૂતી આપી બાદમાં વિધિવત મંજૂરી મેળવી રેલીનું આયોજન કર્યું અને એ સફળ રહ્યું ભલે સરકાર વિરોધી રેલી હોય પણ માં નર્મદા માટે ભાજપના સક્રિય સભ્યો પણ જોડાયા હતા. જેમાં રાજપીપળા કોર્ટ સંકુલ થી સ્ટેશન રોડ પરથી ફરી આ રેલી હરસિધ્ધિ માતા મંદિરે પૂર્ણ કરવામાં આવી જેમાં શાળાઓના બાળકો પણ જોડાયા હતા.

આ બાબતે સદાનંદ મહારાજે જણાવ્યું હતું કે રેલીની મંજૂરી માટે મને કેટલો દોડાવ્યો આખરે મંજૂરી મળી ત્યારે આ રેલી સફળ થઇ શકી છે કેન્દ્ર અને રાજ્ય સરકારે દરવાજા બેસાડી દીધા અને નર્મદા મૈયાને સુકવી નાખી મૈયા એમને માફ નહિ કરે અને નર્મદા મૈયાને વહેતી રાખવા માટે પાણી છોડવાની વધુ જરૂરિયાત છે. નર્મદા તટે રહેનારા પરિવારો, માછીમારોની આજીવિકા છીનવાઈ ગઈ છે સામે જળચર પ્રાણીઓ પણ મૃતપાય બની ગયા છે ત્યારે આ ઘણું જ ખરાબ થઇ રહ્યું છે, આજે નર્મદા મહોત્સવ ઉજવાય એવી પરિસ્થિતિ નથી ત્યારે સરકારને નર્મદા બંધમાંથી પાણી છોડવા માટે જગાડવા મંગળવારે રેલી કાઢી સરકાર નું ધ્યાન દોરવામાં આવ્યું, હવે સાધુ સંતો આંદોલન કરશે કેમ કે વિકાસના નામે સરકાર સંસ્કુતિનો નાશ કરી રહી છે.

દક્ષિણ ગુજરાતમાં તાપમાનનો પારો ચાર ડિગ્રી ઉપર ચઢતા ઠંડીમાં ભારે રાહત

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં શીતલહેરની અસર ઓછી થતા સપ્તાહ બાદ તાપમાનમાં વધારો નોંધાયો છે. પવનની દિશા બદલવાની સાથે તાપમાન વધતા ઠંડીના ચમકારાથી રાહત મળી રહી છે. આગામી દિવસોમાં ફરી ઠંડીનો ચમકારો અનુભવાય તેવી શકયતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૩.૮ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૬.૦ ડિગ્રી નોંધાયું છે. ગતરોજની સરખામણીએ આજે અધિકત્તમ તાપમાનમાં ૪ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાનમાં ૩ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. હવામાં ભેજનું પ્રમાણ ૬૪ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૨ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૨.૨ ડિગ્રી નોંધાયુ છે જે ગતરોજ ૭.૫ ડિગ્રી હતુ. વલસાડમાં આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૧.૬ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજ ૯.૬ ડિગ્રી નોંધાયું હતું. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સડસડાટ ૪ ડિગ્રી તાપમાન વધી જતા ઠંડીના ચમકારાથી રાહત મળી છે. આજે સવારથી પવનની દિશા બદલવાની સાથે તાપમાનનો પારો ચડતા ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આજે કાશ્મીરમાં ફરી હિમવર્ષા થતા આગામી એક-બે દિવસ બાદ ફરી ઠંડીનો ચમકારો અનુભવાય તેવી શક્યતા છે.

શાળા સમિતિના ફેરબદલી કેમ્પ માટે ૧૪'મીએ શિક્ષકે હાજર રહેવું

સુધારેલી યાદી વેબસાઈટ પર મુકવામાં આવી છે

સુરત

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતમાં જિલ્લા ફેરબદલીથી આપના જિલ્લામાંથી આવનાર શિક્ષકની અરજીઓ વર્ગ, વાર નોંધવામાં આવેલ છે. જે શિક્ષકો પ્રાથમિક વિભાગમાં છે, તેઓનાં નામ પ્રાથમિક વિભાગની ધો.૧ થી ૫ યાદીમાં સામેલ છે. જે શિક્ષકોએ પ્રાથમિક વિભાગમાં અરજી કરેલ અને તેઓએ ધો.૬ થી ૮માં ઉચ્ચ પ્રા.વિભાગમાં વિકલ્પ સ્વીકારી અત્રેની કચેરીને જરૂરી પૂરાવા રજૂ કરેલ હશે, તેઓના નામ વિષયવાર (ક-ખ-ગ) અને વર્ષ વાર યાદી મુજબ નોંધવામાં આવેલ છે.

ઉપરોક્ત સંદર્ભે પત્રથી વેબસાઈટ-ઈમેઈલ પર યાદી મુકવામાં આવેલ હતી. તે મુજબ સુધારા વધારા કરી યાદી ફરીથી આ સાથે મુકવામાં આવે છે. શ્રેયાન યાદીમાં જણાવેલ હાજર રહેનાર ઉમેદવારોએ કેમ્પમાં ઉપસ્થિત રહે તે સમયે તેમણે કરેલ અરજીની નકલ સાથે જરૂરી પ્રમાણપત્ર સહિત હાજર રહેવા જણાવવામાં આવે છે.

જો કોઈ ઉમેદવાર કેમ્પમાં ગેરહાજર રહેશે તો ગેરહાજર ઉમેદવારનો સીનીયોરીટીમાં હક્કદાવો રહેશે નહીં. તેમજ ત્યારબાદ હાજર રહેનાર ઉમેદવારને પસંદગી આપી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

અત્રેની કચેરીનો જિલ્લા ફેરબદલીનો કેમ્પ તા.૧૪-૨-૨૦૧૯ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે શાળા ક્રમાંક ૩૮-૩૯ મ્યુનિ. ડેપો પાસે, સગરામપુરા તરણકુંડ સામે સુરત ખાતે રાખવામાં આવેલ છે.

માંડવીમાં સાસરીયાના ત્રાસના કારણે પરિણીતાની આપઘાતનો પ્રયાસ

સુરત

માંડવી તાલુકાના મંદિર ફળિયામાં આવેલી ગાદાવાડી ખાતે સાસરિયાના ત્રાસથી કંટાળેલી પરિણીતાએ વિષપાન કરી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસારસુરત જિલ્લાના માંડવી તાલુકામાં આવેલા મંદિર ફળિયામાં ગોદાવાડી ખાતે રહેતી રંજનાબેન તે પંકજભાઈ રમણભાઈ પટેલની પત્ની (ઉ.વ. ૨૫)એ ગઈ તારીખ ૧૧મીના રોજ સવારે ઝેર ગટગટાવતા નજીકની પુશ્કર હોસ્પિટલમાં દાખલ કરાઈ છે. મરનાર રંજનાબેનના પાંચ વર્ષ પહેલાં પંકજ પટેલ સાથે લગ્ન થયા હતા અને સંતાનમાં હીર નામની ૪ વર્ષની પુત્રી છે. લગ્નના પાંચ વર્ષના ગાળામાં સાથે રહેતા સાસુ-સસરા, નાની નાની બાતોને લઈને રંજનાબેન સાથે તકરાર કરતા હતા. જેથી આખરે સાસુ-સસરાના ત્રાસથી કંટાળી તેણીએ આપઘાતનો પ્રયાસ હોવાનું પોલીસની પ્રથમિક તપાસમાં જણાવ્યું છે. હાલ તો આપઘાતના બનાવ અંગે માંડવી પોલીસે જાણવા જોગ નોંધ લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની વધુ તપાસ બારડોલી વિભાગીય પોલીસ અધિકારી સી.એમ. જાડેજા કરી રહ્યા છે.

નામદેવ છીપા સમાજ દ્વારા વસંત પંચમીની ભવ્ય ઉજવણી

છીપા સમાજના લોકો ઉમંગભેર ઉજવણીમાં જોડાયા

સુરત

નામદેવ છીપા સમાજ, દ.ગુજરાત દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે સંત નામદેવજીના જ્ઞાનોદય દિન નિમિત્તે વસંત પંચમી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગોડાદરા રોડ સ્થિત આસ્તિક પાર્ટી પ્લોટ ખાતે આયોજિત વસંત પંચમી ઉત્સવમાં ભક્તિસભર માહોલમાં સંત નામદેવજીના જ્ઞાનોદય દિનની છીપા સમાજના લોકોએ ઉમંગભેર ઉજવણી કરી હતી, જેને નિહાળવા વિવિધ રાજ્યોના ઈન્દોર, ભોપાલ, અમદાવાદ જેવા શહેરોથી સુરત આવેલા છીપા સમાજના લોકોએ પણ સરાહના કરી હતી.

ઉત્સવમાં સવારે ૭.૦૦ વાગ્યાથી રાત્રિના ૯.૦૦ દરમિયાન શોભાયાત્રા (રથયાત્રા), કળશયાત્રા નામદેવજીની આરતી, તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન અને ઈનામ વિતરણ, મહાપ્રસાદી, ભજનસંધ્યા, મહાઆરતી, રાત્રિભોજન જેવા વિવિધ કાર્યક્રમો ઉત્સાહભેર ઊજવાયા હતા.

આ પ્રસંગે વિશેષ અતિથિરૂપે ઉપસ્થિત પોલિસ વિભાગમાં સિલ્વર મેડલ વિજેતા મિત્તલબેન કાંતિલાલ પરમાર અને ઈન્ડિયન આઈડલ સ્પર્ધાના સેકન્ડ રનર અપ ગૌરવજીનું સન્માન કરાયું હતું.

સમાજ અધ્યક્ષ ફૂટરમલજી ચૌહાણ, સચિવ સુરેશજી પરમાર, કોષાધ્યક્ષ શાંતિલાલ ગેહલોતજીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં અમૃતજી, હરીશજી, જગદીશજી, દિનેશજી ભાટી, આકાશ ભાટી, ગોવિંદજી, રામલાલજી, ગિરીશજી, મનોજજી ગહલોત, મુકેશજી ગહલોત, પરવીનજી પહાડીયા, અજયજી નામદેવ, ભોજરાજજી નામદેવ. કાલુજી, અશ્વિનજી ભાટી, ઈન્દ્રમલજી, લોકેશજી, મનીષ સોલંકી, દલપતજી, રામનારાયણજી, હિરાલાલજી ચૌહાણ, મનોજજી નાગર, રાજેશજી પિરીયા, સુમેરજી પિરીયા, ગોપાલજી નાગરે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

હિટાચી મશીન નીચે દબાતા મજૂરનું મોત

સુરત

માંડવી તાલુકાના કરંજ ગ્રામ પંચાયતના તળાવ પર ટ્રક ચાલકની બેદરકારીને કારણે હિટાચી મશીનની નીચે મજૂર યુવકનું દબાતા મોત નીપજ્યું હતું.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સુરત જિલ્લાના માંડવી તાલુકાના કરંજ ગામની સીમમાં અચાવેલા ગ્રામ પંચાયતના તળાવ પર ગઈ તારીખ ૪ થી ફેબ્રુઆરીના રોજ રાત્રિના સવા અગિયારેક વાગ્યે મધ્યપ્રદેશનો ટ્રક ડ્રાઈવર રઘુનાથ શ્રીવનાથ શાહુ ટ્રકમાં હિટાચી મશીન ફેરવી રહ્યો હતો. દરમિયાન ટ્રકનો ફાળકો બંધ કરતા મજૂરનું યુવક નવીનભાઈ ઉક્કડભાઈ વસાવા (ઉ.વ. ૪૦)નું હિટાચી મશીન અને ટ્રક વચ્ચે દબાતા ગંભીર ઈજાને કારણે સારવાર દરમિયાન મૃત્યું થયું હતું. આ બનાવને પગલે મરનાર યુવકના ભાઈ પ્રવીણભાઈએ ટ્રક ચાલક રઘુનાથ શાહુ વિરુદ્ધ માંડવી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા કાયદેસરની કાર્યવાહી સાથેપીએસઆઈ જે.એચ. વળવીએ વધુ તપાસ શરૂ કરી હતી.

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	લોકસીકરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
● બે વિદ્યાર્થીઓને એડમીશન લીધે ત્રણ વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવો. વય મર્યાદા-૩૫ વર્ષ
● એસ.સી/એસ.ટી. અને લઘીમાંક વિદ્યાર્થીઓને સરકારીશ્રી નિયમોનુસાર આર્થિક સહાયરૂપ અને ફ્રી રીટર કાર્ડ ની સવલત
● બહેન સ્ટાફનગ લીધે ઉપલબ્ધ દુકાન, સમુસની તેમજ લાયક સ્ટાફ
● એક જ વિદ્યાલયમાં ૩૫ વર્ષથી વધારે ઉંમર ધરાવતી એકસરખા ૩૦૦ બેડથી વધારેની દુકાની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્પિટલ ધરાવતી હોય એવી સંસ્થા
● સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ વિષયો ત્રણ વર્ષ સુધી ફરજીયાત સેવા આપવાની ખાતરી
● હોસ્ટેલની સુવિધા, પુરતા તેજવાળી ફાયરની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
● પુરા હોસ્ટેલ વર્ષો હોવા બદલ અમારા પ્રયાસરૂપ રાખી અમારી મહેસા તે મહેસાણા બોરતો બેસવા મોકલી આપશે.
સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort
24 acres of sheer luxury
SILVASSA
Treat Water Park
A mind-blowing leisure spot
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
✦ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
✦ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
✦ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
✦ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
✦ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
✦ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
✦ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
✦ એકસકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
✦ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
✦ શેતરંજી ✦ આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકુંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

ઓલપાડમાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવી

સુરત

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના અસનાબાદ પ્રાથમિક શાળા ખાતે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી અંતર્ગત તાલુકા પંચાયતના પ્રમુખશ્રીમતિ જયાબેન ભગવાગરના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. ઓલપાડ તાલુકાના ૪૪,૩૬૧ જેટલા બાળકોને કૃમિનાશક ગોળી આવરી લેવામાં આવનાર છે. દર વર્ષે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસે ૧ થી ૧૯ વર્ષના તમામ શાળા-આંગણવાડીએ જતા ન જતા બાળકોને ફેબ્રુઆરી અને ઓગષ્ટ મહિનામાં બે વાર કૃમિનાશક ગોળીઓ ગળાવવામાં આવે છે. આ વેળાએ તાલુકા આરોગ્ય અધિકારી ડો.પ્રાત શેલર, પ્રા.આ.કેન્દ્રના મેડીકલ ઓફીસર ડો. લલીતાબેન ચૌધરી, આયુષ્ય મેડીકલ ઓફીસર ડો.વર્ષા ચૌહાણ, તાલુકા આરોગ્ય કચેરીના સુપરવાઈઝર શ્રીમતિ માર્યાબેન ઉપસ્થિત રહ્યા હતા.





શ્રી કૈલાસનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના આંગણી દીક્ષા દાનેશ્વરી પ.પૂ. આ.ભ. શ્રીમદ વિજય ગુણરત્ન સૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં આઠ મુમુક્ષુઓ આગામી તા. ૧૪ના રોજ દીક્ષા ગ્રહણ કરશે. આજે આઠેય મહિલા મુમુક્ષુઓના વધામણા કરાયા હતા.

ગલેમંડી કુંભાર શેરીના ઘરમાંથી રૂા. ૨.૮૫ લાખનો દારૂ પકડાયો

પીસીબી પોલીસે છાપો મારી ૪ની ધરપકડ કરી

સુરત

પીસીબી પોલીસે ગલેમંડી કુંભાર શેરીમાં દરોડા પાડી રૂા. ૨.૮૫ લાખના દારૂના જથ્થા સાથે ચાર જણાંની ધરપકડ કરી ત્રણ જણાને વોન્ટેડ જાહેર કર્યા હતા.

આજરોજ તા. ૧૨/૦૨/૨૦૧૯ના રોજ પીસીબીના પો.સ.ઈ. એમ.સી. ચૌહાણ, ઈમ્તિયાઝ ફકરૂમોહમદ, સંતોષ સાહેબરાવ, દિલીપસિંહ કેશરીસિંહ, રાકેશભાઈ વલ્લભાઈ અસગરઅલી અનવરલી, શૈલેષભાઈ અશ્વિનભાઈ રવિરાજ અજીતસિંહ જગશીભાઈ શાંતિભાઈનાઓ સાથે સુરત શહેર વિસ્તારમાં પ્રહીં તથા જુગારની પ્રવૃત્તિ અટકાવવા અગે ખાનગી વાહનોમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન પીસીબીના અ.હે.કો. ઈમ્તિયાઝ ફકરૂમોહમદને બાતમી મળેલ કે, મહિધરપુરા, ગલેમંડી, કુંભાર શેરી, બલેસિંગની ચાલ પ્લોટ નં. ૭/૪૩૮૭ના પહેલા માળેએ વેલ રૂમમાં ધવલ રાણા તથા ગણેશ ઉર્ફે ચરૂ નામના ઈસમો તેના માણસો સાથે ચોરી છૂપેથી ઈંગ્લિશ દારૂનું વેચાણ કરે છે અને ઈંગ્લિશ દારૂનો જથ્થો હાલમાં મહિધરપુરા, ગલેમંડી, કુંભાર શેરી, બલેસિંગની ચાલ પ્લટ નં. ૭/૪૩૮૭ના પહેલા માળે રૂમમાં સંતાડવાનું કામ કરી રહેલ છે. જે બાતમી આધારે રેડ કરી આરોપી ધવલ કનૈયાલાલ રાણા ઉ.વ. ૨૫ (રહે. ઘર નં. ૭/૪૩૮૭, બલેસિંગની ચાલ, કુંભાર શેરી, ગલેમંડી, મહિધરપુરા, સુરત), તેજશ કિરીટભાઈ રાણા ઉ.વ. ૨૧ (રહે. ઘર નં. ૩/૩૫૦૧, વચ્ચલી શેરી, નં. ૦૧, નવાપુરા, ગોલવાડ, સુરત), કૃણાલ મનોજભાઈ રાણા ઉ.વ. ૨૦ (રહે. ઘર નં. ૭/૪૪૪૧, બલેસીંગની ચાલ, કુંભાર શેરી, ગલેમંડી, મહિધરપુરા, સુરત), દેવાંગ અશોકભાઈ રાણા ઉ.વ. ૨૦ (રહે. કાંટાની વાડ, નવાપુરા, ગોલવાડ, સુરતનાને ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની નાની મોટી બાટલીઓ તથા બીયર ટીન મળી કુલ્લે બાટલીઓ/ ટીન નંગ ૩૦૧૨ કિ. રૂ. ૨,૮૫, ૩૬૦/- તથા અંગ ઝડતીના મોબાઈલ ફોન નંગ ૦૩ કિ. રૂ. ૬,૦૦૦/- મળી કુલ્લે કિ. રૂ. ૨,૯૧,૯૧,૩૬૦/-ની મતાની મુદ્દામાલ સાથે પકડી પાડયા હતા. ભાગી જનાર આરોપી ગણેશ ઉર્ફે ચરૂ (રહે. ઝરી ભવન, રૂસ્તમપુરા, સુરત) નંદુ ઉર્ફે ટકલો (રહે. ચેવલી શેરી, બેગમપુરા, સુરત) તથા દારૂનો જથ્થો આપનાર (૭) તિવારીને વોન્ટેડ જાહેર કરી તેઓના વિરુદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સાફ કરી દેવાના બહાને સોનાની ૮ બંગડીઓ લઈ બે ગઠીયાઓ છૂ

બે યુવકો મહિલા પાસેથી રૂા. બે લાખની બંગડી પડાવી ગયા

સુરત

સોનાની બંગડી સાફ કરવાના બહાને રૂપિયા બે લાખની કિંમતની બંગડી તફડાવી જનાર બે અજાણ્યા યુવકો વિરુદ્ધ કતારગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ લીંમ્બાચીયા ફળિયુ આકાશ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા મીનાબેન કનભાઈ મહેતા પાસે બે અજાણ્યા યુવકો આવ્યા હતા અને સોનાની ઘરેણા સાફ કરી આપવાનો વિશ્વાસ આપ્યો હતો. જેથી ફીરયાદી મીનાબેને પોતાની આઠ બંગડી (કિંમત રૂા. બે લાખ) સાફ કરવામાં આવી હતી. જે ફરિયાદીની નજર ચૂકવી બન્ને આરોપી સોનાની બંગડી લઈને ફરાર થઈ ગયા હતા.ક તારગામ પોલીસે ફરિયાદ નોંધી હતી. આમ સાફ કરી દેવાના બહાને સોનાની ૮ બંગડીઓ લઈ બે ગઠીયાઓ છૂ થઈ ગયા હોવાની ફરિયાદ કતારગામ પોલીસ દફતરે નોંધાવા પામી છે.

નંદની રો હાઉસમાં પાર્કિંગ મુદ્દે સોસાયટી પ્રમુખ પર હુમલો

સોસાયટીમાં ગાડી મૂકવાની ના પડાતા મારા મારી

સુરત

સીમાડા ગામ નંદનીની રો હઉસમાં ગાડી પાર્ક કરવાના મુદ્દે પ્રમુખ ઉપર હુમલો થયાંનો બનાવ સરથાણા પોલીસ મથકે નોંધાયો હતો.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મૂળ ગારિયાધારના વતની સીમાડા નંદનીની રો હાઉસમાં રહેતા ભરતભાઈ રમેશભાઈ ખૂટે આરોપી હરેશભાઈ બચુભાઈ અકબરી પંકજભાઈ બચુભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીની સંબંધી સોસાયટીમાં ઠાર પાર્ક કરવા આવતા સોસાયટીના પ્રમુખના નાતે ફરિયાદીએ ગાડી પાર્ક કરવાની ના પાડતા આરોપીઓએ ઝઘડો કરી ફરિયાદીને ઢીક-મુક્કીનો માર મારીહ ાથના ભાગે ફેક્ચર કર્યું હતું. આ બનાવ અંગે સરથાણા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

દરદીને કેન્સરનો રિપોર્ટ પોઝીટીવ છતાં ડો. કૃપાલ પટેલે બીમારી છૂપાવી

નાકરાણી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલના તબીબના કારણે દરદીનો જીવ જોખમમાં

સુરત

લાલદરવાજાની પાસે આવેલી નાકરાણી સુપર સ્પેશ્યાલિટી ક્લીનીક હોસ્પિટલના ડો. કૃપાલ મનસુખભાઈપટેલ વિરુદ્ધ મહિધરપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. દરદીને કેન્સર હોવા છતાં પણ કેન્સર ન હોવાનું જણાવીને દાઢ કાઢી નંખી સારવાર ચાલુ રાખી દરદીનું કેન્સર છેલ્લા સ્ટેજ ઉપર જતા ડોક્ટરો દરદીની જિંદગી સાથે છેંડા કરી જીવ જોખમમાં મૂકી દીધો હતો.

મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પાસોદરા ગામ ગઢપુર ટાઉનશિપમાં રહેતા હીરા વેપારી હસમુખભાઈ કેવડિયાને દાઢમાં દુઃખાવો થતા લાલદરવાજા સ્થિત નાકરાણી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં સારવાર માટે ગયા હતા. જ્યાં ડો. કૃણાલ મનસુખભાઈ પટેલે સારવાર દરમિયાન સેમ્પલો લઈ લેબોરેટરી રિપોર્ટ કરાયો હતો. આ રિપોર્ટમાં કેન્સર હોવાનું લખાઈને આવ્યું હોવા છતાં પણ ડો. કૃણાલ પટેલે કેન્સર ન હોવાનું જણાવી દાઢ કઢાવી નાખી સારવાર ચાલુ રાખી હતી. આ દરમિયાન ફીરયાદી દરદીની કેન્સરની બીમારી વધતી ગઈ અને છેલ્લા સ્ટેજ ઉપર પહોંચી હતી. આમ આરોપી ડોક્ટરે ફરિયાદી દરદીની જિંદગી અને શારીરિક સલામતી જોખમમાં મૂકી સારવારમાં બેદરકારી દાખવી ગુનો કર્યો હતો. બનાવ અંગે મહિધરપુરા પોલીસે ડો. કૃણાલ પટેલ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

તાતીથૈયામાં ટ્રેનની અડફેટે યુવકનું મોત

તાતીથૈયા ખાતે આવેલ રેલવે ફાટક નજીક રેલવે ટ્રેક પર ગતરાત્રે પરપ્રાંતિય યુવાનનું ટ્રેન હેઠળ આવી જતા મોત નીપજ્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ કવહારી પો. સિંગપોર તા. કરવી, જિ. ચિત્રકુટ (યુપી)ના વતની અને તાતીથૈયામાં અભિલાષા આર્કેડ રૂમ નં. ૩૦૩માં રહેતા દીપકભાઈ બ્રજલાલ સિંગ ઉ.વ. ૨૬ ગઈકાલે તાતીથૈયા રેલવે ફાટક નજીક થાંભલા નં. ૧૩.૧૨/૧૪ની વચ્ચે અકસ્માત રીતે ટ્રેન અડફેટે આવી જતા ઘટના સ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે કડોદરા પોલીસ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.











